dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-219 | AD-2026, Vaishakh Vad -((0 | Saturday, Dt. 16-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મોંઘવારીનો માર : સીએનજીના ભાવમાં પણ પ્રતિ કિલોએ રૂા.બેનો વધારો ઝીંકાયો

# પેટ્રોલ-ડીઝલમાં રૂા. ૩નો વધારો, રૂપિયો ઓલટાઈમ લો

નવી દિલ્હી, તા.૧૫

ભારતના સામાન્ય નાગરિકો માટે આજનો દિવસ આર્થિક રીતે અત્યંત પડકારજનક સાબિત થયો છે. છેલ્લા બે વર્ષથી શાંત રહેલા ઈંધણના ભાવમાં અચાનક થયેલા વધારાએ મધ્યમ અને ગરીબ વર્ગના બજેટને વેરવિખેર કરી નાખ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભડકે બળતા ભાવ અને સ્થાનિક સ્તરે રૂપિયાની નબળી પડતી સ્થિતિએ સરકાર અને જનતા બંનેની ચિંતામાં વધારો કર્યો છે. ૧૫ મેથી અમલી બનેલા આ નવા ભાવ વધારાએ બજારમાં અન્ય આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધવાની દહેશત પણ જન્માવી છે.લાંબા સમયના વિરામ બાદ તેલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૩ રૂપિયાનો વધારો ઝીંક્યો છે. આ વધારા બાદ રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૭.૭૭ રૂપિયા અને ડીઝલની કિંમત ૯૦.૬૭ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગઈ છે. માત્ર વાહનચાલકો જ નહીં પરંતુ પરિવહન ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો માટે પણ આ આંચકો મોટો છે કારણ કે CNGના ભાવમાં પણ પ્રતિ કિલો બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ ભાવ વધારો સીધી રીતે શાકભાજી અને અન્ય જીવનજરૂરી વસ્તુઓના પરિવહન ખર્ચમાં વધારો કરશે જે અંતે સામાન્ય ગ્રાહકના ખિસ્સા પર જ ભારણ વધારશે.ઈંધણના ભાવ વધતાની સાથે જ દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. વિપક્ષી દળોએ કેન્દ્ર



સરકારને આડે હાથ લેતા આક્ષેપ કર્યો છે કે ચૂંટણીઓ પૂર્ણ થતાની સાથે જ જનતા પર આર્થિક બોજ નાખવામાં આવ્યો છે. કોંગ્રેસે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કરતા તેમને 'મોંઘવારી મેન' તરીકે સંબોધ્યા છે અને આક્ષેપ કર્યો છે કે આ જનતા પાસેથી કરવામાં આવતી 'વસૂલી' છે. વિપક્ષોનું માનવું છે કે સરકાર આંતરરાષ્ટ્રીય કારણોનું બહાનું ધરીને જનતાનું શોષણ કરી રહી છે. આર્થિક મોરચે માત્ર મોંઘવારી જ નહીં પરંતુ રૂપિયાનું મૂલ્ય ઘટવું પણ મોટી ચિંતાનો વિષય બન્યો છે. આજે રૂપિયો ડોલર સામે ૫૦ પૈસા ઘટીને ૯૬.૧૪ ના અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી જ રૂપિયો સતત દબાણમાં જોવા મળી રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૫માં જ્યારે રૂપિયો ૯૦ના સ્તરને પાર કરી ગયો ત્યારે જ નિષ્ણાતોએ સાવચેત કર્યા હતા. આ પતનનું મુખ્ય કારણ ઈરાન અને અમેરિકા વચ્ચે વધતો ભૌગોલિક રાજકીય તણાવ છે. જે ક્રૂડ ઓઈલ અગાઉ ૭૦ ડોલર પ્રતિ બેરલ હતું તે હવે ૧૦૦ ડોલરને પાર કરી ગયું છે. જો સ્થિતિ આવી જ રહી તો રૂપિયો ટૂંક સમયમાં ૧૦૦ના આંકડાને સ્પર્શી શકે છે તેવી શક્યતા બજારના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.નોંધનીય છે કે માર્ચ ૨૦૨૪ થી મે ૨૦૨૬ સુધી પેટ્રોલ-ડીઝલના ભાવ લગભગ સ્થિર રહ્યા હતા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા સરકારે જનતાને આકર્ષવા માટે ભાવમાં ૨ રૂપિયાનો ઘટાડો પણ કર્યો હતો. જોકે ટેકનિકલ રીતે તેલ કંપનીઓ દર ૧૫ દિવસે ભાવ બદલવા માટે સ્વતંત્ર છે પરંતુ રાજકીય કારણોસર ભાવ વધારો રોકી રાખવામાં આવ્યો હતો. હવે જ્યારે તેલ કંપનીઓ પર આંતરરાષ્ટ્રીય સ્તરે દેવું અને નુકસાન વધી રહ્યું છે ત્યારે કંપનીઓએ પોતાની નાણાકીય સ્થિતિ સુધારવા માટે આ આકરો નિર્ણય લેવો પડ્યો છે. આગામી સમયમાં જો ક્રૂડ ઓઈલના ભાવ ઘટશે નહીં તો જનતાએ હજુ વધુ મોંઘવારી સહન કરવા તૈયાર રહેવું પડશે.

# કેન્દ્ર સરકારે સ્વીકાર્યુ નીટ પેપર લીક થયુ હતુ, હવે ૨૧ જૂને ફરીથી પરીક્ષા યોજાશે

નવી દિલ્હી,તા.૧૫

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા તાજેતરમાં NEET-UG પરીક્ષાને લઈને કરવામાં આવેલી જાહેરાત તબીબી ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા લાખો વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વની છે. ૩ મેના રોજ આયોજિત પરીક્ષામાં થયેલા પ્રશ્નપત્ર લીકને કારણે ઉભી થયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે ખૂબ જ જવાબદારીપૂર્વક આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. શિક્ષણ મંત્રીએ સ્પષ્ટપણે સ્વીકાર્યું કે પ્રશ્નપત્ર લીક થવાની ઘટના બની હતી અને કોઈ પણ અયોગ્ય ઉમેદવારની પસંદગી ન થાય તે હેતુથી આ કડક પગલું ભરવામાં આવ્યું છે. આ નિર્ણયથી ૨૨.૭૯ લાખ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર સીધી અસર પડી છે, પરંતુ પારદર્શિતા જાળવવા માટે આ અનિવાર્ય હતું. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જાહેર કરવામાં આવેલી નવી વિગતો મુજબ હવે આ પરીક્ષા રવિવાર, ૨૧ જૂનના રોજ ફરીથી યોજવામાં આવશે. વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે શિક્ષણ મંત્રીએ જાહેરાત કરી છે કે



નવી પરીક્ષા માટે કોઈ પણ પ્રકારની ફી વસૂલવામાં આવશે નહીં, એટલે કે ફી શૂન્ય રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને તેમના મનપસંદ શહેરને પરીક્ષા કેન્દ્ર તરીકે પસંદ કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે જેથી તેમને મુસાફરીમાં સરળતા રહે. પરીક્ષાના સમયમાં પણ ૧૫ મિનિટનો વધારો કરવામાં આવ્યો છે, હવે પરીક્ષા બપોરે ૨ વાગ્યાથી શરૂ થઈને સાંજે ૫.૧૫ વાગ્યા સુધી ચાલશે. વિદ્યાર્થીઓ ૧૪ જૂન સુધીમાં તેમના નવા એડમિટ કાર્ડ મેળવી શકશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ આ ગેરરીતિની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે આવતા વર્ષથી NEET-UG પરીક્ષા ઓનલાઈન એટલે કે કોમ્પ્યુટર આધારિત લેવાનો મહત્વનો નિર્ણય પણ જાહેર કર્યો છે.

# એમ.પી.ના ધાર જિલ્લામાં સ્થિત ભોજશાળાનું આખુ પરિસર હિન્દુ મંદિર જ છે : ઈન્દોર હાઈકોર્ટ

ઈન્દોર, તા.૧૫

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં સ્થિત ઐતિહાસિક અને લાંબા સમયથી વિવાદાસ્પદ રહેલી ભોજશાળાના મામલે ઈન્દોર હાઈકોર્ટે આજે એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. વર્ષોથી ચાલી આવતા આ જટિલ કાનૂની વિવાદમાં ન્યાયતંત્રએ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા રજૂ કરવામાં આવેલા વૈજ્ઞાનિક સરવે રિપોર્ટને સંપૂર્ણપણે સ્વીકારી લીધો છે અને તેને જ આ કેસનો મુખ્ય કાયદાકીય આધાર માન્યો



છે. હાઈકોર્ટે હિન્દુ પક્ષની અરજી પર સુનાવણી હાથ ધરતા સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે આ આખું પરિસર મૂળભૂત રીતે એક હિન્દુ મંદિર જ છે. આ ચુકાદા સાથે જ દાયકાઓથી ચાલી આવતી કાનૂની લડાઈમાં એક નવો વળાંક આવ્યો છે અને પરિસરની ધાર્મિક તેમજ ઐતિહાસિક ઓળખ સ્પષ્ટ થઈ છે.હાઈકોર્ટે પોતાના વિસ્તૃત ચુકાદામાં જણાવ્યું છે કે ભોજશાળાનું પ્રાચીન અને મૂળ સ્વરૂપ એક ઉચ્ચ કક્ષાનું સંસ્કૃત શિક્ષણ કેન્દ્ર એટલે કે મહા વિદ્યાલય હતું. કોર્ટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા કરવામાં આવેલા વૈજ્ઞાનિક સંશોધનો અને ખોદકામ દરમિયાન મળેલા પુરાવાઓ પર અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અદાલતે એ બાબતની ગંભીર નોંધ લીધી છે કે પુરાતત્વ એ માત્ર અનુમાન નથી પરંતુ એક ચોક્કસ વિજ્ઞાન છે અને તેના તારણો કાયદાકીય રીતે પુરાવા તરીકે સંપૂર્ણપણે માન્ય છે. આ ઉપરાંત કોર્ટે સરકારને ટકોર કરતા કહ્યું છે કે આવી ઐતિહાસિક અને પુરાતત્વીય મહત્વ ધરાવતી પ્રાચીન સંરચનાઓનું યોગ્ય જતન અને સંરક્ષણ કરવું એ સરકારની બંધારણીય જવાબદારી છે. આ ચુકાદાથી હવે ભોજશાળાના સંરક્ષણ અને તેના ભવિષ્યના ઉપયોગ અંગેના માર્ગો મોકળા થયા છે જે ભારતીય સંસ્કૃતિના વારસાને જાળવી રાખવા માટે મહત્વના સાબિત થશે.

### બ્રિક્સ દેશોની વિદેશમંત્રીઓની બેઠકમાં

# દરિયાઈ માર્ગો પર વધતા જોખમ અંગે ભારતે ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી,તા.૧૫

ભારતની અધ્યક્ષતામાં મળેલી બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં એસ. જયશંકરે મધ્ય પૂર્વના તણાવ અને વૈશ્વિક સુરક્ષા પર ભારતનું વલણ અત્યંત સ્પષ્ટતા સાથે રજૂ કર્યું હતું. હોર્મુઝ સ્ટ્રેટ અને લાલ સમુદ્ર જેવા વ્યૂહાત્મક જળમાર્ગો પર વધતા જોખમો અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા અવરોધ વિનાનો વેપાર પ્રવાહ વૈશ્વિક



આર્થિક સ્થિરતા માટે અનિવાર્ય છે. ખાસ કરીને ઈરાન અને યુનાઈટેડ આરબ એમિરેટ્સના પ્રતિનિધિઓની હાજરીમાં ભારતે ઊર્જા પુરવઠામાં આવતા સંભવિત વિક્ષેપો અંગે સાવધ કર્યા હતા. ભારતનો પક્ષ સ્પષ્ટ હતો કે એકતરફી પ્રતિબંધો અને ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાનો સામનો કરવા માટે તમામ સભ્ય દેશોએ સાથે મળીને કોઈ વ્યવહારુ ઉકેલ શોધવો પડશે. વિદેશ મંત્રીએ વધુમાં ઉમેર્યું કે દુનિયામાં શાંતિ ક્યારેય ટુકડાઓમાં સ્થાપિત થઈ શકતી નથી. સાર્વભૌમત્વનો આદર અને સરહદોની મર્યાદાનું પાલન એ જ આંતરરાષ્ટ્રીય સંબંધોનો મુખ્ય પાયો હોવો જોઈએ. જ્યારે ઈરાન અને UAE વચ્ચેના મતભેદોને કારણે બ્રિક્સમાં કોઈ સર્વસંમત નિવેદન બહાર ન આવી શક્યું, ત્યારે એસ. જયશંકરે નવા સભ્યોને સંગઠનની સંમતિ પધ્ધતિ સમજવાની શીખ આપી હતી.

# ભારત-યુએઈ વચ્ચે વાડિનારમાં શીપ રિપેર ક્લસ્ટર સ્થાપવા અંગે કરાર

નવી દિલ્હી,તા.૧૫

PM નરેન્દ્ર મોદી UAEની મુલાકાતે પહોંચ્યા છે. અબુ ધાબી પહોંચ્યા બાદ મોદીનું ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત કરવામાં આવ્યું. અહેવાલો અનુસાર, UAE વાયુસેનાના F-16 ફાઈટર જેટ્સે PMના વિમાનને એસ્કોર્ટ કર્યું હતુ. વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ. બંને દેશો વચ્ચે LPG સપ્લાયને લઈને મહત્વપૂર્ણ કરાર થયા. આ ઉપરાંત, સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ, સંરક્ષણ સહયોગ અને વડિનારમાં શિપ રિપેર ક્લસ્ટર



સંબંધિત MoU પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા.

UAEએ ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, RBL બેંક અને સન્માન કેપિટલમાં ૫ અબજ ડોલરના રોકાણની પણ જાહેરાત કરી છે. વિદેશ મંત્રાલય અનુસાર, બંને નેતાઓએ ઊર્જા સુરક્ષા, વેપાર, રોકાણ અને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી.










સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
02
શનિવાર, તા.૧૬-૦૫-૨૦૨૬

## બગસરા તાલુકાના સુડાવડ ગામે બાઈક ચાલક પાછળ સિંહની લટાર

**ઘટનાનો વીડિયો સીસીટીવીમાં થયો કેદ**



બગસરા,તા.૧૫

બગસરા તાલુકાના સુડાવડ ગામે વહેલી સવારે બનેલી આ ઘટનાએ માનવ અને વન્યજીવ વચ્ચેના સંઘર્ષની ગંભીરતા ફરી એકવાર છતી કરી છે. ૧૪ મેના રોજ વહેલી સવારે એક વિશાળકાય સિંહ ગામની મુખ્ય બજારમાં શિકારની શોધમાં ઘૂસી આવ્યો હતો. આ ભયાનક દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે, જેમાં જોઈ શકાય છે કે એક બાઈકચાલકની પાછળ યમદૂત બનીને સિંહ ચાલી રહ્યો હતો. સદનસીબે, સિંહે હુમલો કરવાનું ટાળ્યું હતું અને બાઈક ચાલક અજાણતા જ હેમખેમ બચી ગયો હતો. આ ઘટનાનો વીડિયો વાઈરલ થતા વન વિભાગની સતર્કતા સામે પ્રશ્નાર્થ ચિન્હો ઉભા થયા છે.

## રાજુલા તાલુકાના હિંડોરણા ગામના પુલ નીચે આધેડનો મૃતદેહ મળ્યો

અમરેલી,તા.૧૫

રાજુલા તાલુકાના હિંડોરણા ગામમાં પુલ નીચે આવેલી નદીમાંથી એક આધેડનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતા જ રાજુલા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને બહાર કાઢી આગળની તપાસ હાથ ધરી હતી. પોલીસની



પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક વ્યક્તિ હિંડોરણા ગામના જ રહેવાસી હતા અને તેમનું નામ લાલજીભાઈ પથુભાઈ સોલંકી છે. ૫૫ વર્ષીય લાલજીભાઈ દેવીપૂજક જ્ઞાતિના હતા. વિગતો મુજબ તેઓ ગઈકાલથી ગુમ હતા અને આજે બપોરે જ તેમના ગુમ થયા અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. શોધખોળ દરમિયાન નદીમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. હાલમાં પોલીસે આકસ્મિક મૃત્યુનો ગુનો નોંધીને લાલજીભાઈના મોતનું સાચું કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## બાબરાના વાંકીયા ગામે ફાયરિંગ બટની આજબાજુ વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ

બાબરા,તા.૧૫

બાબરા તાલુકાના વાંકીયા ગામ ખાતે આવેલી પોલીસ ફાયરિંગ રેન્જમાં પોલીસ કર્મચારીઓની વાર્ષિક ફાયરિંગ પ્રેક્ટિસ યોજાનાર હોવાથી સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા તંત્ર દ્વારા ખાસ પ્રતિબંધાત્મક પગલાં લેવામાં આવ્યા છે.અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડી વાંકીયા ગામની ફાયરિંગ બટની આસપાસના વિસ્તારમાં રાહદારીઓ તથા સામાન્ય લોકોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. વાંકીયા ગામની સરકારી પડતર જમીનમાં આવેલી ફાયરિંગ રેન્જને તાર ફેન્સિંગથી સુરક્ષિત કરવામાં આવી છે. આ ફાયરિંગ બટની બાહ્ય સીમાથી ચારે તરફ ૧૦૦ મીટર સુધી કોઈપણ વ્યક્તિની અવરજવર અથવા પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

## ખરીફ પાકોના ટેકાના ભાવમાં વધારો થતા અમરેલી જિલ્લા ભાજપે સરકારને અભિનંદન પાઠવ્યા

અમરેલી,તા.૧૫

કેન્દ્ર સરકાર દ્વારા ખરીફ પાકોના લઘુતમ ટેકાના ભાવમાં કરવામાં આવેલા ઐતિહાસિક વધારાને અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ વધાવી લીધો છે. કેન્દ્ર સરકારે કપાસ સહિત અંદાજે ૧૫ જેટલી ખેત પેદાશોના ભાવમાં માતબર વધારો જાહેર કર્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને આર્થિક રીતે સમૃધ્ધ બનાવવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કાર્યરત ડબલ એન્જિન સરકાર ખેડૂતોના પરસેવાનું યોગ્ય વળતર મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. આ નિર્ણય અંતર્ગત કપાસના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ.



૫૫૭નો વધારો કરી નવો ભાવ રૂ. ૮૨૬૮ જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મગ, બાજરી અને તુવેર જેવા પાકોમાં પણ ૫૦ ટકાથી વધુ માર્જિન મળે તેવી વ્યવસ્થા સરકારે કરી છે. ખેતીના ખર્ચ સામે ઊંચા ભાવ મળવાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરશે તેવા વિશ્વાસ સાથે અતુલ કાનાણી, જિલ્લા મહામંત્રીઓ અને મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ સરકારનો આભાર માની અભિનંદન પાઠવ્યા છે.

## અમરેલી કલેકટર કચેરીના ૫૦ મીટર વિસ્તારમાં સભા, સરઘસ અંગે જાહેરનામુ

અમરેલી,તા.૧૫

અમરેલી ખાતે કલેક્ટર કચેરી કેમ્પસ અને તેની આસપાસના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા અને શાંતિ જળવાઈ રહે તે હેતુસર ખાસ પ્રતિબંધાત્મક આદેશ જાહેર કરવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડી કલેક્ટર કચેરી વિસ્તારને સંવેદનશીલ ઝોન જાહેર કર્યો છે. જાહેરનામા મુજબ કલેક્ટર કચેરી કેમ્પસ તથા તેની આજુબાજુના ૫૦ મીટર વિસ્તારની અંદર ઉપવાસ, ધરણા, વિરોધ પ્રદર્શન, જાહેર સભા અથવા ટોળાં એકત્રિત કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સાથે જ જાહેર શાંતિને ભંગ કરે તેવા સૂત્રોચ્ચાર, ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ અને અફવા ફેલાવવાના કૃત્યો પણ પ્રતિબંધિત ગણાવવામાં આવ્યા છે.

## અમરેલી જિલ્લામાં જાહેરનામાનો ભંગ કરનારા શખ્સો સામે પોલીસનું કડક વલણ




અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા જાહેરનામાના ભંગ બદલ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. અલગ-અલગ ત્રણ કિસ્સાઓમાં રેસ્ટોરન્ટ માલિક, જૂના વાહનોના લે-વેચ કરનાર અને મોબાઈલ રિપેરિંગની દુકાન ચલાવતા શખ્સો વિરુધ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.અમરેલીમાં એક રેસ્ટોરન્ટ માલિકે પોતાના ત્યાં માસિક રૂ. ૧૨,૦૦૦ના પગારથી પરપ્રાંતીય શ્રમિકોને કામે રાખ્યા હતા. નિયમ મુજબ આ શ્રમિકોની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવી અનિવાર્ય હોવા છતાં, માલિકે પોલીસને જાણ ન કરી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હતો.બાબરાના આસરાનગર વિસ્તારમાં જૂના વાહનોના લે-વેચનો વ્યવસાય કરતા નુરમહમદભાઈ પરમાર (૪૬) વાહનોની લે-વેચનું રજિસ્ટર નિભાવતા ન હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત, બાબરાના જ વિમલ ધંધુકીયા (૩૦) પોતાની મોબાઈલની દુકાને નવા સીમકાર્ડ વેચતી વખતે જરૂરી રેકોર્ડ ન રાખતા હોવાથી તેમની સામે પણ જાહેરનામાના ઉલ્લંઘનનો ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી હતી.

## બાબરાના વડલીવાળા મેલડી માં ધામ ખાતે આજે 'ડાક ડમરૂ' અને લોકસાહિત્યના કાર્યક્રમનું આયોજન

બાબરા,તા.૧૫

બાબરામાં નીલવડા રોડ પર સ્થિત જય શ્રી વડલીવાળા મેલડી માં ધામ ખાતે આગામી ૧૬ મે શનિવારના રોજ એક ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. માતાજીના સેવક રાજુભાઈ જેઠવા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પ્રખ્યાત કલાકાર વિજયભાઈ રાવળદેવ ડાક ડમરૂની રમઝટ બોલાવશે, જ્યારે જાણીતા કલાકાર અનુલા ગઢવી ચારણી સાહિત્યનો રસાસ્વાદ કરાવશે. રાત્રે ૮:૦૦ વાગ્યાથી શરૂ થનારા આ કાર્યક્રમ પૂર્વે સાંજે ૬:૩૦ કલાકથી માતાજીના તાવાનો પ્રસાદ પણ રાખવામાં આવ્યો છે. ભક્તિ અને સંસ્કૃતિના આ અનોખા સંગમમાં સહભાગી થવા માટે આયોજક સમિતિ દ્વારા ભાવિક ભક્તોને મોટી સંખ્યામાં ઉમટી પડવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




## અમરેલીમાં પૂ. મુક્તાનંદબાપુના ૯૮મા જન્મદિનની ઉજવણી કરાશે

અમરેલી, તા.૧૫

અમરેલી શહેર રાજગોર કાઠીગોર બ્રહ્મસમાજ દ્વારા પૂજ્ય મુક્તાનંદબાપુના ૯૮મા જન્મ દિવસ નિમિત્તે તા.૧૭ને રવિવારે માનવતાવાદી કાર્યોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ભારત સાધુ સમાજના અધ્યક્ષબાપુના જન્મોત્સવ પ્રસંગે રાજગોર વિકાસ મંડળ અને રાજ રાજેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે જરૂરિયાતમંદ પરિવારોને જીવન જરૂરી કીટ અને અબોલ પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવશે. શહેર પ્રમુખ ભરતભાઈ મહેતા અને મંત્રી ભગીરથભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં સત્યનારાયણની કથાનું પણ પઠન કરવામાં આવશે.







**લીલીયા તાલુકાના મોજે ક્રાકંચ ગામના રેવેન્યુ સર્વે નં.૧૯૯/૧ પૈકી ૩/ પૈકી ૧/ પૈકી ૧ની ખેતી લાયક ઉપયોગની જમીન હે.આરે.૦-૯૩-૦૮ ચો.મી. ખરીદ કરવા અંગે**

### જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ વિપુલકુમાર પી. જોષી, રહે.દામનગર,તા.લાઠી દ્વારા અમારા અસીલની સુચનાથી લાગતા વળગતા તથા સબંધકર્તા તમામ અને જાહેર જનતાની જાણ માટે આ જાહેર નોટીસ પ્રસીધ્ધ કરવામાં આવે છે કે અમરેલી જીલ્લાનાં લીલીયા તાલુકાના મોજે ક્રાકંચ ગામના રેવેન્યુ સર્વે નં.૧૯૯/૧ પૈકી ૩/ પૈકી ૧/ પૈકી ૧ની, ખેતી લાયક ઉપયોગની હે.આરે. ૦-૯૩-૦૮ ચો.મી.નાં ક્ષેત્રફળ વાળી ખેતીની બીન પિયત જમીન કે જે "ખારી" થી ઓળખાય છે. અને જે મોજે ક્રાકચ, તા.લીલીયા, જી.અમરેલીનાં ખેડ ખાતા નં.૨૫૨ઉથી શ્રી ધર્મિષ્ઠાબેન ગોરધનભાઈ હિંગરાજીયાની સ્વતંત્ર માલીકીની અને કબ્જા ભોગવટાની આવેલી છે.

ઉપર લખ્યા વિગતવાળી રેવન્યુ સર્વે નંબર- ૧૯૯/૧ પૈકી ૩/ પૈકી ૧/ પૈકી ૧વાળી ખેતીની જમીન અમારા અસીલ ખરીદવા માંગતા હોય,અને સદરહુ ખેતીની જમીનનો દસ્તાવેજ કરાવવા માંગતા હોય, આથી આ જમીન અંગે કોઈપણ વ્યક્તિનો, કોઈ પણ પ્રકારનો વાંધો-તકરાર હોય,કે કોઈ નો હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ, કે દર-દાવો, વારસાઈ હક્ક હોય કે બાકી લેણુ હોય, તો આ નોટીસ પ્રસીધ્ધ થયે થી દિન-૧૫ માં લેખીત આધાર પુરાવાઓ સહિત નિચેના સરનામે અમોને જાણ કરવી.જો ઉપરોક્ત મુદતમાં કોઈ પણ ના તરફથી વાંધા- તકરાર આવશે નહી તો આ વેચાણ બાબતે કોઈને વાંધો નથી અને હોય તો વાંધા જતા કરલ છે એમ માની ને "બોનાફાઈડ પરચેઝર વિથ વેલ્યુ" તરીકે અમારા અસીલ આ મિલ્કત ખરીદ કરી વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરી લેશે અને તેનો કબ્જો સંભાળી લેશે. અને ત્યાર બાદ કોઈનાં વાંધા- તકરાર ચાલશે નહી તેની લાગતા વળગતા તમામે નોંધ લેવી

તારીખ :- ૧૫/૦૫/૨૦૨૬
વાંધા મોકલવાનું સરાનામુ
વિપુલકુમાર પી. જોષી,(એડવોકેટ)
સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા પાસે,
મુ.દામનગર, તા.લાઠી જી.અમરેલી
મો. ૯૯૨૪૫૫૨૧૪૧

સ્થળ દામનગર

### આગોતરા વાવેતર માટે ખાતરની અછતથી ખેડૂતો પરેશાન

# અમરેલી જિલ્લામાં ડીઝલ બાદ હવે ખાતરનો પણ 'નો સ્ટોક'

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લાના ખેડૂતને ખાતરના વધતા ભાવે પાયમાલ કરી દીધો છે, ત્યાં બીજી તરફ હવે ખેતીના ખર્ચમાં કમરતોડ વધારો ઝીંકાયો છે. સરકાર દ્વારા ખાતરના ભાવમાં સીધો ૭૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. જો કે આ બાબતે અધિકારીઓ હાલમાં યુધ્ધની પરિસ્થિતિના કારણે અમરેલી જિલ્લામાં જ નહી પણ દેશમાં ડીએપીની અછત સર્જાઈ હોવાનું જણાવ્યું હતું. દેશમાં ૮૦થી ૯૦ ડીએપી ઈમ્પોર્ટ થતો હોવાથી હાલ ખાતર મેળવવા માટે મુશ્કેલી ઉભી થઈ છે.ખેડૂતોએ જણાવ્યું હતું કે છેલ્લા એક જ માસમાં ૨૦:૨૦:૦:૧૩ ખાતરમાં ૫૦ કિલોએ ૭૫૦ અને ૧૨:૩૨:૧૬ ખાતરમાં ૫૦ કિલોએ ૨૦૦ રૂપિયાનો વધારો થયો છે. એમીનીયમ



સલ્ફેટ ખાતરમાં ૫૦ કિલોએ ૪૫૦ રૂપિયાનો વધારો થયો છે. ખેડૂત અગ્રણીઓ જણાવી રહ્યા છે. ખેતી હવે સામાન્ય માણસ માટે પરવડે તેમ નથી. ખેડૂતો માટે અત્યારે "મોંઘું તો મોંઘું પણ ખાતર મળે તો સારું" જેવી સ્થિતિ સર્જાઈ છે.ખાતર મેળવવા માટે ખેડૂતો વહેલી સવારથી જ લાઈનમાં લાગી જાય છે. હાલ તો ખાતરના વધતા ભાવ સાથે ખાતરની તંગીથી જગતનો તાત બેહાલ જોવા મળી રહ્યો છે. હાલ સીઝન ન હોવા છતાં DAP ખાતરની ભારે અછત વર્તાઈ રહી છે. આગામી ૧૫ દિવસમાં જ્યારે નવા પાકની વાવણી શરૂ થશે, ત્યારે ખાતરની જરૂરિયાત ટોચ પર હશે, પરંતુ હાલમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી. આગામી ૧૫ દિવસ બાદ જ્યારે ખેડૂતો વાવણી શરૂ કરશે ત્યારે માંગમાં મોટો વધારો થશે. સરકાર દ્વારા ખાતરના ભાવમાં રાહત કે પૂરતો જથ્થો પૂરો પાડવામાં નહીં આવે, તો આગામી સીઝન ખેડૂતો માટે આર્થિક રીતે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. કુદરતી આફતો અને આર્થિક નીતિઓ વચ્ચે ભીંસાતો અમરેલીનો ખેડૂત હવે પાયમાલીના આરે આવીને ઊભો છે. સરકારના આવક બમણી કરવાના દાવા સામે અત્યારે ખેડૂતોની મુશ્કેલી બમણી થઈ ગઈ હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.

**ખેડૂતોને ચારેતરફથી આર્થિક ભીંસ**

★બિયારણ: તમામ પ્રકારના બિયારણોના ભાવમાં ઉછાળો

★જંતુનાશક દવાઓ: ખેતી બચાવવા માટેની દવાઓ પણ મોંઘી થઈ

★મજૂરી ખર્ચ: ખેત મજૂરોની અછત, વધતા વેતનને કારણે ખર્ચ વધ્યો.

★ઉત્પાદનમાં ઘટાડો: કમોસમી વરસાદને કારણે જમીનની ઉત્પાદન ક્ષમતા અને પાકની ગુણવત્તા પર માઠી અસર પડી છે

# બાબાપુર ગામે વાડીમાંથી ટપક પધ્ધતિના ૪૫ બંડલની ચોરી

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં ખેત-ઓજારો અને સિંચાઈના સાધનોની ચોરીના બનાવો વધી રહ્યા છે, ત્યારે અમરેલી તાલુકાના બાબાપુર ગામેથી ડ્રીપ ઈરીગેશન (ટપક પધ્ધતિ) ની પાઈપ લાઈનના ફીંડલાં ચોરી થયાની ઘટના સામે આવી છે. અજાણ્યા તસ્કરો વાડીમાંથી આશરે રૂ.૩૫,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ ચોરી કરી નાસી છૂટ્યા હતા.આ અંગે વિપુલભાઈ ધનજીભાઈ ગોંડલીયા (ઉ.વ.૫૫)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બાબાપુર ગામથી ટીંબલા જવાના કાચા રસ્તા પર હેમાંગભાઈ રમેશભાઈ ગોંડલીયાની વાડી આવેલી છે. આ વાડીમાં સિંચાઈ માટે રાખવામાં આવેલા ટપક પધ્ધતિના ડ્રીપ લાઈનના બંડલોને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા.આ ચોરીની ઘટના તા. ૦૧/૦૩/૨૦૨૬ થી તા. ૦૮/૦૪/૨૦૨૬ ના સવારના ૯:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન બની હોવાનું અનુમાન છે. અજાણ્યા શખ્સો વાડીમાંથી ૪૫ જેટલા ડ્રીપ લાઈનના ફીંડલાં ચોરી કરી ગયા છે, જેની બજાર કિંમત આશરે રૂ.૩૫,૦૦૦ જેટલી થાય છે.

### ટૂંક સમયમાં જ નિર્ધારિત રૂટ પર નવી બસ દોડતી જોવા મળશે

# અમરેલી એસ.ટી.ડિવિઝનને પાંચ નવી બસ ફાળવવામાં આવી

અમરેલી,તા.૧૫

રાજ્ય સરકાર દ્વારા મુસાફરોની સુવિધામાં સતત વધારો કરવાના ઉમદા હેતુથી અમરેલી એસ.ટી. ડિવિઝનને પાંચ નવી અત્યાધુનિક બસો ફાળવવામાં આવી છે. આ નવી બસો મળવાને કારણે સ્થાનિક અને લાંબા અંતરના મુસાફરોને હવે વધુ આરામદાયક અને સુખદ મુસાફરીનો લાભ પ્રાપ્ત થશે. અમરેલી ડિવિઝનને સમયાંતરે મળતી નવી બસોને કારણે એસ.ટી. નિગમની સેવામાં ઉત્તરોત્તર સુધારો જોવા મળી રહ્યો છે. વિભાગીય નિયામક ભાવેશ પટેલે આ અંગે મહત્વની માહિતી આપતા જણાવ્યું હતું કે આ તમામ પાંચ બસો આગામી માત્ર બે



દિવસમાં કાર્યરત કરી દેવામાં આવશે. આ ફાળવણીમાં ખાસ કરીને અમરેલીથી કૃષ્ણનગર માટે એક બસ, ધારીથી વડોદરા રૂટ માટે બે બસ અને બગસરાથી ફતેપુરા માટે બે બસ ફાળવવામાં આવી છે. આ તમામ પાંચેય બસો ડીલક્ષ એક્સપ્રેસ પ્રકારની હોવાથી મુસાફરોને ઝડપી સુવિધાનો અનુભવ થશે અને ટૂંક સમયમાં જ નિર્ધારિત રૂટ પર આ નવી બસો દોડતી જોવા મળશે.


શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
**વિનાયક કોમર્સ કલાસીસ**
: ઉચ્ચતર માધ્યમિક વિભાગ : ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી | ઉત્તમ શિક્ષણ
: કોલેજ વિભાગ : B.Com. - M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.


# રાજુલામાં આરોગ્ય મંદિરમાં પ્રથમ દિવસે ૧૫૨ દર્દીઓએ લાભ લીધો

રાજુલા,તા.૧૫

રાજુલા શહેરમાં મુખ્યમંત્રી અને મોરારીબાપુના વરદ હસ્તે મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ હોસ્પિટલના પ્રારંભે જ લોકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો અને પ્રથમ દિવસે જ કુલ ૧૫૨ દર્દીઓએ હોસ્પિટલની સેવાઓનો લાભ લીધો હોવાનું ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું. ખાસ કરીને ૯ વર્ષીય બાળકી ક્રિષ્ના બાબરીયાને ઈમરજન્સીમાં સચોટ સારવાર મળતા તેના પરિવારજનોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.



તસવીર : ગોપાલ રાઠોડ

અહીં તમામ દર્દીઓને સંપૂર્ણ સુવિધાઓ સાથે તદ્દન મફત સારવાર પૂરી પાડવામાં આવશે.

# નાના માચીયાળા ગામની યુવતી લાપતા બની

અમરેલી, તા. ૧૫

અમરેલીના નાના માચીયાળા ગામની યુવતી લાપતા બની હતી. શોધખોળ કરવા છતાં ભાળ ન મળતા પોલીસને જાણ કરાઈ હતી. લાલજીભાઈ વિઠ્ઠલભાઈ વાસુડા (ઉ.વ. ૨૭)એ જાહેર કર્યા મુજબ, કાજલબેન વિઠ્ઠલભાઈ વાસુડા (ઉ.વ. ૨૮) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.


**સંકુલ મહિલા કોલેજ**
MBA MCA B.Pharm
M.Pharm. B.Ed. PTC
PG DMLT પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad065




**BLUE BUDDHA**
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■મનિષ વાકોતર ■વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
**સંજય ટાયર્સ**
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



**LAKSHYA EDUCATION**
એડમિશન પ્રક્રિયા શરૂ છે
ધોરણ 10 અને 12 પછી
ANM
GNM
BSC (નર્સિંગ)
PBSC
B.D.S.
D. PHARMACY

SC ST વિદ્યાર્થી ને શિષ્યવૃત્તિ પર એડમિશન
માન્ય સંસ્થા | વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન
બીજો માળ ટાઉન હોલ ભીડભંજન મંદિર સામે અમરેલી
લાલજી ચાવડા
7043819956
રાજકોટ, ભાવનગર, જુનાગઢ, ગાંધીનગર, અમદાવાદ, અમરેલી,



**ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર**
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601


## નામ બદલાવેલ છે

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારૂ નામ પોકળ ધર્મેશકુમાર અરવિંદભાઈ બદલીને પોકળ ધર્મેશભાઈ અરવિંદભાઈ રાખેલ છે. હવેથી હું પોકળ ધર્મેશભાઈ અરવિંદભાઈ નામથી ઓળખાઈશ તેની સર્વોએ નોંધ લેવી.
સહી : પોકળ ધર્મેશભાઈ અરવિંદભાઈ
મુ. ધરાઈ, તા. બાબરા, જી. અમરેલી.

## નામ બદલાવેલ છે

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારૂ નામ પોકળ સપના ધર્મેશકુમાર બદલીને સપનાબેન ધર્મેશભાઈ પોકળ કરેલ છે. તેમજ મારા પતિનું નામ ધર્મેશકુમાર અરવિંદભાઈ પોકળ બદલીને પોકળ ધર્મેશભાઈ અરવિંદભાઈ કરેલ છે.
સહી : સપનાબેન ધર્મેશભાઈ પોકળ
મુ. ધરાઈ, તા. બાબરા, જી. અમરેલી.

## CHANGE OF NAME

My name is changed from Pokal Sapna Dharmeshkumar to Sapnaben Dharmeshbhai Pokal and My husband's name changed from Dharmeshkumar Arvindbhai Pokal to Pokal Dharmeshbhai Arvindbhai.
Sapnaben Dharmeshbhai Pokal
At Dharai, Ta Babra, Dist. Amreli, Gujarat

## CHANGE OF NAME

My Name Changed From Pokal Dharmeshkumar Arvindbhai To Pokal Dharmeshbhai Arvindbhai
At.Dharai,Ta.Babra,Dist. Amreli,Gujarat

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૦૦/૨૦૨૬

અરજદાર :- શ્રી વાળા હનુભાઈ વિક્રમભાઈ
રહે.ખડખંભાળીયા, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ખડખંભાળીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખડખંભાળીયા ગામમાં અરજદાર શ્રી વાળા હનુભાઈ વિક્રમભાઈ તેઓના માતા વાળીબેન વિક્રમભાઈ વાળાની મરણ (તા.૧૯/૦૨/૨૦૦૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# અમરેલીમાં VIBES બિઝનેસ મીટિંગનું ભવ્ય આયોજન કરાયું

અમરેલી,તા.૧૫



જાસપુર સ્થિત વિશ્વઉમિયા ફાઉન્ડેશનના એક અભિન્ન અંગ એવા VIBES (વિશ્વઉમિયા ઈન્ટરનેશનલ બિઝનેસ એન્ટરપ્રોનીયર એન્ડ સોશિયલ) દ્વારા અમરેલી ખાતે મિટિંગ સંપન્ન થઈ હતી. આ કાર્યક્રમમાં ૬૦થી વધુ ઉત્સાહી સભ્યોએ ઉપસ્થિત રહીને સંગઠનની શક્તિનો પરિચય આપ્યો હતો. મિટિંગનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યવસાયિક વૃધ્ધિ, પરસ્પર નેટર્વકિંગ અને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાનો હતો. VIBES એ માત્ર એક વ્યાપારી મંચ નથી, પરંતુ તે શિક્ષણ અને માનવતાના પાયા પર રચાયેલું એક સામાજિક માધ્યમ પણ છે. મિટિંગ દરમિયાન સભ્યોએ પોતાના વ્યવસાયિક અનુભવો વહેંચ્યા હતા અને નવા અવસરો વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. તમામ ઉપસ્થિતોએ સંગઠનની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને ભવિષ્યમાં વધુ મજબૂતીથી સાથે મળીને કાર્ય કરવાની મક્કમતા વ્યક્ત કરી હતી.

# ધારીથી રાઢીયા ગામે પગપાળા માનતા કરવા જતાં પરિવારને અકસ્માત નડ્યો

**બાઇક સવારે ટક્કર મારી ગંભીર ઇજા પહોંચાડી**

ચલાલા, તા. ૧૫

અમરેલી-ચલાલા રોડ પર સાજીયાવદર ગામના પાટીયાથી દેવરાજીયા ગામ તરફ જતા આશરે એક-દોઢ કિમી દૂર માતાજીની માનતા પૂરી કરવા પગપાળા જઈ રહેલા એક પરિવારને અકસ્માત નડ્યો હતો. અકસ્માત સર્જી બાઇક ચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. ખાંભાના ભગવતીપરામાં રહેતા મેહુલભાઈ મનુભાઈ મકવાણાએ મોટરસાયકલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ અને તેમનો પરિવાર ધારીથી રાઢીયા ગામે માતાજીની માનતા પૂરી કરવા માટે ચાલીને જઈ રહ્યા હતા. ગત તા. ૧૩ના રોજ રાત્રિના આશરે ૨:૦૦થી ૨:૧૫ વાગ્યાના અરસામાં, જ્યારે તેઓ ચલાલા-અમરેલી રોડ પર સાજીયાવદર ગામના પાટીયાથી દેવરાજીયા ગામ તરફ જતા રસ્તે પહોંચ્યા હતા, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.પરિવાર જ્યારે ચાલીને જઈ રહ્યો હતો, ત્યારે પાછળથી આવતા હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલના ચાલકે પોતાનું વાહન અત્યંત પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી મેહુલભાઈના ભાઈને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતને કારણે તેમના ભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ચાલક મોટરસાઈકલ લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં દત્તાત્રેય મહાયજ્ઞની ભક્તિભાવથી થઈ પૂર્ણાહુતિ

રાજુલા,તા.૧૫



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર શ્રી દત્તાત્રેય મહારાજને સમર્પિત પ્રથમ ભવ્ય મહાયજ્ઞનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વૈદિક યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય આધ્યાત્મિક જ્ઞાન, આરોગ્ય, શાંતિ અને પિતૃદોષ નિવારણનો હતો. ગિરનાર ક્ષેત્ર સાથે વિશેષ જોડાણ ધરાવતા દત્તાત્રેય મહારાજે ૨૪ ગુરુઓ દ્વારા પ્રાપ્ત કરેલા જ્ઞાનના પ્રસારની સ્મૃતિમાં શ્રધ્ધાળુઓ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા.

# લીલીયા મોટા તાલુકા પેન્શનર સમાજની ૩૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

લીલીયા મોટા, તા. ૧૫



લીલીયા મોટા ખાતે તાલુકા પેન્શનર સમાજની ૩૧મી વાર્ષિક સાધારણ સભા રાજુભાઈ મહેતાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા પેન્શનર સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ વિઠલાણી વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. સાથે જીતુભાઈ સરખેડી, ધીરુભાઈ મારુ, ભાલાળા સાહેબ, હરિતસિંહજી, રામકુભાઈ ભુવા, કિશોરભાઈ જોશી અને ભાસ્કરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ભોજનદાતા ભાસ્કરભાઈ પટેલ અને પુષ્પાબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ૭૦ વર્ષથી વધુ ઉંમરના પેન્શનરો તથા સેવાકીય કાર્યો બદલ બાબુભાઈ ધામતનું પણ સન્માન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન એસબીઆઈ બેંક અને પોસ્ટ વિભાગના પ્રતિનિધિઓએ પેન્શનરોને માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાલાવડિયાભાઈએ કર્યું હતું.

# અમરેલીમાં મહિલાના મકાન સહિત ત્રણ સ્થળોએથી દેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં પોલીસે અલગ-અલગ ત્રણ સ્થળોએ દરોડા પાડી દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. અમરેલીના ફતેપુર રોડ પર આવેલા હુડકો વિસ્તારમાં એક મહિલાના રહેણાંક મકાનમાંથી ૫ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો.

આ ઉપરાંત, ગોરડકા ગામેથી ૫ લિટર અને ડેડાણ ગામેથી ૨ લિટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો.અન્ય કાર્યવાહીમાં, જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ચાર શખ્સો નશાની હાલતમાં ફરતા મળી આવતા તેમની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે સાવરકુંડલામાંથી એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાર્ટર (ચપટા) સાથે ઝડપાયો હતો.

# નાગેશ્રીના 'મોમાઈ વડ' ખાતે કાઠી ક્ષત્રિય સમાજના લોકપ્રતિનિધિઓનો સન્માન સમારોહ યોજાયો

જાફરાબાદ, તા. ૧૪



તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ નજીક નાગેશ્રી પાસે આવેલા પ્રખ્યાત 'મોમાઈ વડ' ધામ ખાતે કાઠી ક્ષત્રિય સમાજનો વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. શ્રીમદ દેવી ભાગવત મહાપુરાણના આયોજનને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે, જિલ્લાની નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના તમામ પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત પ્રતિનિધિઓને માતાજીની છબી અને ખેસ પહેરાવી સન્માનિત કરાયા હતા. રાજુલા-જાફરાબાદ-ખાંભા કાઠી ક્ષત્રિય સમાજ અને મોમાઈ વડ કમિટી દ્વારા આયોજિત આ પ્રસંગે સમાજના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# બગસરામાં હિસાબના પૈસા મામલે જાનથી મારી નાખવાની ધમકી

બગસરા, તા.૧૫

બગસરા શહેરમાં પૈસાની લેતીદેતી મામલે એક યુવકે પ્રૌઢ સાથે ઝઘડો કરી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ અંગે નીતિનભાઈ ચંદુભાઈ પંડ્યાએ મંથન નીતિનભાઈ પંડ્યા (ઉ.વ.૨૧) સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી મંથને તેમની પાસે પોતાના હિસાબના પૈસાની માંગણી કરી હતી. જોકે, તેમણે અત્યારે પૈસા આપવાની ના પાડતા મામલો બિચકાયો હતો. પૈસા આપવાની ના પાડતા ૨૧ વર્ષીય મંથન એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને તેમને જાહેરમાં અપશબ્દો આપવા લાગ્યો હતો. ઉશ્કેરાટમાં આવીને યુવકે તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કલસરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ત્રણ વર્ષથી ફરાર જીવલેણ હુમલાના આરોપીને બાબરા પોલીસે ઝડપી પાડ્યો

બાબરા,તા.૧૫





બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુન્હામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા ૪૩ વર્ષીય આરોપી પ્રતાપ આલુભાઈ ગોવાળીયા (રહે. રાયપર તા. ગઢડા)ને બાબરા પોલીસે ટેક્નિકલ વર્કઆઉટ તથા હ્યુમન સોર્સની મદદથી ટ્રેક કરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસ મુજબ ઈ.ડી. એફ. રિન્યુએબલ એનર્જી કંપનીમાં આરોપીઓ દ્વારા આશરે એક કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. કંપની તરફથી વળતર બાબતે આરોપીઓને વારંવાર નોટિસ આપવામાં આવતાં મનદુ:ખ રાખી આરોપીઓએ પૂર્વ આયોજનબદ્ધ કાવતરું રચ્યું હતું. કંપનીના મેનેજર તથા કર્મચારીઓ નાની કુંડળ ગામે આવેલ સબ સ્ટેશનની મુલાકાતે આવ્યા હોવાની જાણ થતાં આરોપીઓએ પ્રાણઘાતક હથિયારો સાથે ફરીયાદીની ગાડી રોકી જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અમાસ
તા.૧૬-૦૫-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૩૦,
સૂર્યાસ્ત-૦૭:૦૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૧૬-૦૫-૨૦૨૬ શનિવાર

મેષ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. કાર્યક્ષેત્રમાં સાવધાની રાખો અને જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધને કાબૂમાં કરો.

વૃષભ: આજનો દિવસ કંઇક વિશેષ કરવાની ભાગદોડમાં પસાર થશે. કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારા સંબંધો રાખજો.

મિથુન: રોજગારી ક્ષેત્રે આવતી અડચણ દૂર થશે અને કોઈ વિશેષ કાર્યક્રમ હેઠળ રોકાયેલા નાણા આશ્ચર્યજનક રીતે પ્રાપ્ત થશે.

કર્ક: આજે બાળકોની સમસ્યાનું નિરાકરણ આવશે અને રોજગાર માટેના પ્રયત્નોમાં પણ સફળતા મળશે. વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધામાં જીતી શકે છે.

સિંહ: વૃધ્ધોની સહાયથી ઘરના લોકોની સમસ્યાનું નિરાકરણ આવશે અને રાજ્યની સહાય પણ પૂરી પાડવામાં આવશે. ક્ષેત્રમાં તમારી સ્થિતિ અને સત્તામાં વધારો થશે.

કન્યા: મિત્રોના સહયોગથી કરવામાં આવતા કામમાં અડચણ આવી શકે છે. ઘર માટે ઉપયોગી વસ્તુઓ આજે ખરીદી શકાય છે.

તુલા: આજનો દિવસ મિશ્રિત ફળ આપનારો છે. જો તમે વેપારી છો, તો તમારે બિનજરૂરી મહેનત કરવી પડી શકે છે. ધંધાકીય ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

વૃશ્ચિક: સવારથી ધંધામાં થોડો ફાયદો થવાની સંભાવના છે. કેટલાક વરિષ્ઠ અધિકારીને કારણે નોકરી-ધંધા સંબંધિત મુદ્દાઓ ઉકેલાશે.

કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે ઝઘડો તમારા માટે હાનિકારક સાબિત થઈ શકે છે, એટલે ક્રોધ અને વાણી પર નિયંત્રણ રાખો.

ધન: મકર: કાર્યક્ષેત્રમાં કોઈ સાથીદાર તમારી વિરુદ્ધ કાવતરું ઘડી શકે છે, સાવચેત રહો. ઉપરાંત ધ્યાનમાં રાખો કે તમે વરિષ્ઠ અધિકારી સાથે તણાવ કરતા નથી ને.

કુંભ: ધંધામાં સમયસર નિર્ણય સફળ સાબિત થશે. જો તમે વિરોધીઓની ટીકા તરફ ધ્યાન ના આપીને તમારું કાર્ય કરતા રહેશો તો સફળતા મળશે.

મીન: સામાજિક વિસ્તારનો વિકાસ થશે અને માનસિક તણાવથી રાહત મળશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ છે, ઉચ્ચ શિક્ષણમાં આવતી અડચણ પૂર્ણ થશે.

# પરબડી ગામના પાટિયાથી ચલાલા તરફ જતા રોડ પર પ્રેમ પ્રકરણની અદાવતમાં યુવક પર હુમલો

ચલાલા, તા. ૧૫

ચલાલા પંથકમાં પ્રેમ સંબંધની જૂની અદાવત રાખી એક યુવક પર હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. પરબડી ગામના પાટિયા પાસે બનેલી આ ઘટનામાં, એક શખ્સે પોતાના બે સાગરીતો સાથે મળી યુવકને લાકડી અને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ અંગે પરબડી ગામના મહેશભાઈ જયંતીભાઈ માઢક (ઉં.વ. ૨૮)એ મેહુલભાઈ મહેતા (રહે. દેવળા) તથા બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી અને આરોપી મેહુલની પત્ની ચંદ્રિકાબેન વચ્ચે અગાઉ મિત્રતા હતી. ચંદ્રિકાબેન ફરિયાદીના મામાની દીકરી થાય છે. આ મિત્રતા અંગે તેના પતિ મેહુલને જાણ થઈ ગઈ હતી, જેને લઈ અગાઉ પણ બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી.

મહેશભાઈ જ્યારે પરબડી ગામના પાટિયાથી ચલાલા તરફ જઈ રહ્યા હતા, ત્યારે આ જૂનું મનદુઃખ રાખી આરોપી મેહુલ અને તેની સાથેના બે અજાણ્યા ઈસમોએ તેમને રસ્તામાં આંતર્યા હતા. આરોપીઓએ તેમને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હુમલો કર્યો હતો. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવરાજભાઈ ભગુભાઈ ખાચર આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સ્વ. પ્રવીણભાઈ જોટંગીયાની ૭મી માસિક પુણ્યતિથિ નિમિત્તે સેવાકીય કાર્યક્રમો યોજાયા

રાજુલા,તા.૧૫



રાજુલા શહેર ખાતે પરમધામવાસી પ્રવીણભાઈ લલ્લુભાઈ જોટંગીયાની ૭મી માસિક પુણ્યતિથિ નિમિત્તે બુધવારે વિવિધ સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

કોટેશ્વર મહાદેવ મંદિર, જાફરાબાદ રોડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાતમંદ સાત બહેનોને અનાજની કીટનું વિતરણ, ચકલીના માળા, પાણીના કુંડાનું અને હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ કરાયું હતું તેમ જ સંત ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

# રાજુલાના વિસળીયા ગામે મહુવા તરફથી આવતી બોલેરોએ બાઈકને ફંગોળ્યું

**માતા-પુત્રને ગંભીર ઈજા**

રાજુલા, તા.૧૫

રાજુલા તાલુકાના વિસળીયા ગામ પાસે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. મહુવા તરફથી પૂરઝડપે આવી રહેલી બોલેરો જીપના ચાલકે આગળ જઈ રહેલા મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારતા બાઈક સવાર માતા-પુત્રને ગંભીર ઈજાઓ પહોંચી હતી.આ અંગે હનુભાઈ વિરાભાઈ બાંભણીયા (ઉ.વ.૨૮)એ અજાણ્યા બોલેરો ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ અને તેમના માતા ગંગાબેન મોટરસાયકલ પર સવાર થઈને મહુવાથી વિસળીયા ગામે આવી રહ્યા હતા. જ્યારે તેઓ વિસળીયા ગામે ગીરનારી બાપુની મઢી પાસે પહોંચ્યા અને ગામમાં જવાના રસ્તા તરફ વળી રહ્યા હતા, ત્યારે પાછળથી આવતી એક બોલેરોના ચાલકે પોતાનું વાહન બેદરકારીપૂર્વક ચલાવી બાઈકને પાછળથી ઠોકર મારી હતી.આ અકસ્માતમાં હનુભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતા ટાંકા આવ્યા છે તથા શરીરે અન્ય નાની-મોટી ઈજાઓ થઈ છે. જ્યારે તેમના માતાને કપાળના ભાગે ત્રણ ટાંકા આવ્યા છે, જમણી આંખની નીચેનું હાડકું તથા પીઠની પાંસળીઓ તૂટી ગઈ છે અને કમરના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી છે.

# લાઠીના હરસુરપુર દેવળિયા ગામે જમીન વિવાદમાં કૌટુંબિક ભાઈઓ વચ્ચે ઝઘડો

**છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી**

લાઠી, તા.૧૫

લાઠી તાલુકાના હરસુરપુર દેવળિયા ગામે જમીન બાબતે ચાલી રહેલા જૂના વિવાદમાં એક શખ્સે ઉશ્કેરાઈને ફરિયાદીને ગાળો આપી, છરી વડે હુમલો કરવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે હાલ સુરત રહેતા મૂળ હરસુરપુર દેવળિયા ગામના બિપિનભાઈ કાળુભાઈ દેવાણીએ ભરતભાઈ ભગવાનભાઈ દેવાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પરિવાર અને આરોપી વચ્ચે છેલ્લા લાંબા સમયથી જમીન બાબતે તકરાર ચાલતી હતી. આશરે છ મહિના પહેલા તેમના પિતાએ આરોપી વિરુધ્ધ પોલીસમાં અરજી કરી હતી. આ અરજીનો ખાર રાખીને આરોપી ફરિયાદી સાથે અવારનવાર ઝઘડો કરતો હતો. તેઓ ઘરે હાજર હતા ત્યારે આરોપીએ જૂની અદાવત રાખીને ગંદી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. વિવાદ વધતા આરોપીએ ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલી છરી કાઢી હતી અને તેમને મારવા માટે પાછળ દોડ્યો હતો.

## તંત્રી લેખ

# સુપર અલ નીનોનુ સંકટ એક મોટી આફત બનશે

દુનિયાના હવામાન ચક્રમાં કેટલીક એવી કુદરતી ઘટનાઓ છે, જે સમગ્ર માનવજાતને સીધી અસર કરે છે. ''સુપર અલ નીનો'' એવી જ એક ગંભીર અને વ્યાપક અસર ધરાવતી જળવાયુ ઘટના છે. સામાન્ય રીતે પ્રશાંત મહાસાગરના મધ્ય અને પૂર્વીય ભાગમાં સમુદ્રની સપાટીનું તાપમાન અસામાન્ય રીતે વધી જાય ત્યારે ''અલ નીનો'' પરિસ્થિતિ સર્જાય છે. પરંતુ જ્યારે આ તાપમાનમાં વધારો અત્યંત વધુ અને લાંબા સમય સુધી રહે, ત્યારે તેને ''સુપર અલ નીનો'' કહેવાય છે. આ સ્થિતિ માત્ર સમુદ્ર સુધી મર્યાદિત રહેતી નથી, પરંતુ સમગ્ર વિશ્વના હવામાન ચક્રને અસર કરે છે. ક્યાંક ભારે વરસાદ, ક્યાંક વિનાશકારી દુષ્કાળ, તો ક્યાંક તોફાની ગરમી અને જંગલ આગ જેવી પરિસ્થિતિઓ સર્જાય છે. ભારત જેવા કૃષિ આધારિત દેશ માટે તો અલ નીનો ખાસ ચિંતાજનક માનવામાં આવે છે, કારણ કે તેની સીધી અસર ચોમાસા ઉપર પડે છે. ચોમાસું નબળું રહે તો ખેતી ઉત્પાદન ઘટે છે, પાણીનો સંકટ ઊભો થાય છે અને અર્થતંત્ર ઉપર પણ તેની અસર પડે છે. હવામાન વૈજ્ઞાનિકોના નવા અનુમાનોએ ફરી એક વખત દુનિયાની ચિંતા વધારી છે. પ્રશાંત મહાસાગરમાં સમુદ્રનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે અને તે ૨૦૨૬ દરમિયાન શક્તિશાળી ''સુપર અલ નીનો''નું સ્વરૂપ ધારણ કરી શકે છે. ગ્લોબલ વૉર્મિંગના કારણે સમુદ્રનું સરેરાશ તાપમાન પહેલાથી જ ઊંચું છે, જેના કારણે આ વખતની પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. વૈજ્ઞાનિકો માને છે કે જો તાપમાનમાં આવો જ વધારો ચાલુ રહેશે, તો દુનિયાના અનેક દેશો માટે પાણી, ખોરાક અને આરોગ્યનું મોટું સંકટ ઊભું થઈ શકે છે. ઈતિહાસ સાક્ષી છે કે ૧૮૭૭-૭૮નું સુપર અલ નીનો માનવજાત માટે વિનાશક સાબિત થયું હતું. ભારત, ચીન, બ્રાઝીલ અને આફ્રિકાના અનેક વિસ્તારોમાં ભારે દુષ્કાળ પડ્યો હતો. વરસાદના અભાવે ખેતી સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ હતી. ખાદ્યઅન્નની અછત, ભૂખમરો અને બીમારીઓના કારણે કરોડો લોકોએ જીવ ગુમાવ્યો હતો. તે સમયના અહેવાલો જણાવે છે કે માત્ર ભારતમાં જ લાખો લોકો ભૂખમરા અને પાણીના અભાવે મૃત્યુ પામ્યા હતા. તે ઘટનાને વિશ્વના સૌથી મોટા જળવાયુ સંકટોમાંથી એક માનવામાં આવે છે. આજે વિશ્વ વધુ આધુનિક બન્યું છે, પરંતુ કુદરત સામે માનવની મર્યાદા હજુ પણ સ્પષ્ટ છે. ટેકનોલોજી અને વૈજ્ઞાનિક સાધનો હોવા છતાં હવામાનની અનિશ્ચિતતા સામે સંપૂર્ણ સુરક્ષા શક્ય નથી. ખાસ કરીને ગ્લોબલ વૉર્મિંગના કારણે અલ નીનો જેવી ઘટનાઓ હવે વધુ તીવ્ર બની રહી છે. ઔદ્યોગિકરણ, જંગલોની કાપણી, પ્રદૂષણ અને કાર્બન ઉત્સર્જનના કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન સતત વધી રહ્યું છે. પરિણામે સમુદ્ર વધુ ગરમ બની રહ્યા છે અને હવામાનનું કુદરતી સંતુલન ખોરવાઈ રહ્યું છે. ભારત માટે આ ચેતવણી અત્યંત ગંભીર છે. દેશની મોટી વસતી હજુ પણ ખેતી ઉપર નિર્ભર છે. જો ચોમાસું નબળું રહેશે તો અનાજ ઉત્પાદન ઉપર અસર પડશે, જેના કારણે મોંઘવારી વધશે. પાણીની અછત શહેરો અને ગામડાં બંને માટે મોટી સમસ્યા બની શકે છે. વીજ ઉત્પાદનથી લઈને ઔદ્યોગિક ક્ષેત્ર સુધી દરેક જગ્યાએ તેની અસર દેખાઈ શકે છે. ગરમીની લહેરો વધુ પ્રચંડ બનશે તો આરોગ્ય સંબંધિત સમસ્યાઓમાં પણ વધારો થશે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગ માટે જીવન વધુ મુશ્કેલ બની શકે છે. દુનિયાભરના વૈજ્ઞાનિકો હવે માત્ર ચેતવણી આપતા નથી, પરંતુ તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત ઉપર ભાર મૂકી રહ્યા છે. જળ સંચય, પર્યાવરણનું સંરક્ષણ, વૃક્ષારોપણ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે વૈશ્વિક સ્તરે સંકલિત પ્રયાસો જરૂરી છે.

# ચીન-અમેરિકા સમજૂતી : વૈશ્વિક સ્થિરતા તરફ એક મહત્વપૂર્ણ પગલું



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્રો વચ્ચેની કોઈપણ સમજૂતી આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ધરોહર સમાન છે. ચીન અને અમેરિકા વચ્ચે થયેલી તાજેતરની સમજૂતી વૈશ્વિક રાજકારણ અને અર્થવ્યવસ્થા માટે એક સકારાત્મક સંકેત છે. આ સમજૂતીએ એવા સમયે આકાર લીધો છે જ્યારે બંને દેશો વચ્ચે તણાવ, વેપાર યુધ્ધ, ટેકનોલોજી સ્પર્ધા અને ભૌગોલિક રાજકીય મતભેદો સતત વધી રહ્યા હતા. આ સમજૂતીનો સૌથી મોટો ફાયદો વૈશ્વિક અર્થતંત્રને થનાર છે. બંને દેશો વચ્ચેનો વેપાર અબજો ડોલરનો છે, અને તેમના મતભેદોને કારણે સમગ્ર વિશ્વની પુરવઠા શૃંખલા પ્રભાવિત થતી હતી. હવે આ સમજૂતીને કારણે વેપારના માર્ગો સરળ બનશે, જેનાથી નાના અને મોટા બંને દેશોને ફાયદો થશે. ખાસ કરીને વિકાસશીલ દેશો કે જે બંને મહાસત્તાઓ સાથે વેપાર કરે છે, તેમના માટે આ રાહતની વાત છે. જળવાયુ પરિવર્તન એક એવો મુદ્દો છે જેમાં બંને દેશોના સહકારની સૌથી વધુ જરૂર છે. ચીન અને અમેરિકા વિશ્વના સૌથી મોટા પ્રદૂષકો છે, અને તેમની સંયુક્ત જવાબદારી વૈશ્વિક તાપમાન વધારાને નિયંત્રિત કરવામાં નિર્ણાયક છે. આ સમજૂતીમાં હરિયાળી ટેકનોલોજી, નવીનીકરણીય ઉર્જા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાના સંયુક્ત પ્રયાસોનો સમાવેશ થાય છે. આ સહકાર પેરિસ કરારના લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ટેકનોલોજીનું ક્ષેત્ર હંમેશા ચીન-અમેરિકા તણાવનું કેન્દ્ર રહ્યું છે. સેમિકન્ડક્ટર, કૃત્રિમ બુધ્ધિ, ૫જી અને અન્ય અત્યાધુનિક ટેકનોલોજીઓમાં સ્પર્ધા તીવ્ર હતી. આ નવી સમજૂતીમાં બંને દેશોએ બૌધ્ધિક સંપદા અધિકારોનો આદર કરવા, ટેકનોલોજી ટ્રાન્સફરમાં પારદર્શિતા રાખવા અને સાયબર સુરક્ષા પર સહયોગ કરવા સંમતિ દર્શાવી છે. જોકે આનો અર્થ એ નથી કે સ્પર્ધા સમાપ્ત થઈ ગઈ છે, પરંતુ હવે આ સ્પર્ધા સ્વસ્થ અને નિયમબધ્ધ રીતે થશે. સુરક્ષા અને સંરક્ષણના મુદ્દાઓ પણ આ સમજૂતીનો મહત્વપૂર્ણ ભાગ છે. તાઈવાન, દક્ષિણ ચીન સમુદ્ર, ઉત્તર કોરિયા અને ભારત-પ્રશાંત ક્ષેત્રના અન્ય હોટસ્પોટ્સ પર બંને દેશોના મંતવ્યો અલગ છે. આ સમજૂતીએ સંઘર્ષ નિવારણ પધ્ધતિઓ, સૈનિક સંપર્ક રેખાઓ અને આકસ્મિક ટકરાવ ટાળવા માટે સીધા સંચાર માર્ગો સ્થાપિત કરવા પર ભાર મૂક્યો છે. આનાથી એક અણધારી ઘટનાને લઈને મોટા સંઘર્ષમાં ફેરવાઈ જવાનો ખતરો ઘટ્યો છે. વૈશ્વિક આરોગ્ય અને રોગચાળા પછીના પુનર્નિર્માણમાં પણ સહકાર વધ્યો છે. બંને દેશોએ ભવિષ્યના રોગચાળા માટે તૈયાર રહેવા, આરોગ્ય સુરક્ષા વ્યવસ્થાઓ મજબૂત કરવા અને નબળા દેશોને રસી અને સારવાર પૂરી પાડવા માટે સાથે મળીને કામ કરવાનું માન્યું છે. કોવિડ-૧૯ના સમયમાં જે રીતે રસી મુત્સદ્દીગીરી અને સાધનોની હેરાફેરી થઈ હતી, તે પુનરાવર્તિત ન થાય તેની આ સમજૂતી ખાતરી આપે છે. આ સમજૂતીની સૌથી મોટી સિધ્ધિ એ છે કે બંને દેશો હવે વાતચીતના માર્ગો ખુલ્લા રાખવા માટે સંમત થયા છે. રાજદૂતોની અદલાબદલી, ઉચ્ચ સ્તરીય વાર્તાલાપ અને નિષ્ણાતોના જૂથો નિયમિત રીતે મળશે. જ્યારે બે મોટી શક્તિઓ સતત સંવાદમાં રહે છે, ત્યારે ગેરસમજણો અને ખોટી ગણતરીઓની શક્યતા ઘણી ઓછી થઈ જાય છે. જોકે આ સમજૂતીનો અર્થ એ નથી કે બધા મતભેદો સમાપ્ત થઈ ગયા છે. માનવ અધિકારો, લોકશાહી મૂલ્યો, આર્થિક વ્યવસ્થાના મોડેલો અને વૈશ્વિક નેતૃત્વના મુદ્દાઓ પર અસહમતિ હજુ પણ છે. પરંતુ આ સમજૂતીએ એક માળખું પૂરું પાડ્યું છે કે જેના દ્વારા આ મતભેદોને સંઘર્ષમાં ફેરવાતા અટકાવી શકાય છે. વૈશ્વિક દક્ષિણના દેશો માટે આ સમજૂતી ખાસ કરીને મહત્વપૂર્ણ છે. ભારત, બ્રાઝિલ, ઈન્ડોનેશિયા, નાઈજિરિયા જેવા દેશો હંમેશા બે મોટી શક્તિઓ વચ્ચે સંતુલન જાળવવામાં મુશ્કેલી અનુભવતા હતા. હવે જ્યારે ચીન અને અમેરિકા વચ્ચે સહકારનો નવો તબક્કો શરૂ થયો છે, ત્યારે આ દેશો પોતાના રાષ્ટ્રીય હિતો માટે વધુ સ્વતંત્ર રીતે નિર્ણયો લઈ શકશે. સમજૂતીનું એક અગત્યનું પાસું આર્થિક અસમાનતા ઘટાડવાનું છે. બંને દેશોએ વિકાસશીલ દેશોના દેવાના બોજા હળવા કરવા, વધુ ન્યાયી વેપાર નિયમો બનાવવા અને વૈશ્વિક નાણાકીય સંસ્થાઓમાં સુધારા માટે સાથે મળીને કામ કરવાનું નક્કી કર્યું છે. આનાથી અમીર-ગરીબ વચ્ચેનું અંતર ઘટશે અને વધુ સમતોલ વૈશ્વિકરણ શક્ય બનશે. અંતમાં, આ સમજૂતીની સફળતા હવે તેના અમલીકરણ પર નિર્ભર છે. કાગળ પરની સંમતિઓ અને જમીન પરની વાસ્તવિકતામાં ઘણો તફાવત હોઈ શકે છે. બંને દેશોની આંતરિક રાજનીતિ, વિરોધી જૂથોનું દબાણ, અને બદલાતા વૈશ્વિક સંજોગો આ સમજૂતીને પડકારી શકે છે. તેમ છતાં, આ એક શરૂઆત છે એક એવી શરૂઆત જે વિશ્વને સ્થિરતા, સમૃધ્ધિ અને શાંતિના માર્ગે દોરી શકે છે. હવે જરૂર છે બંને નેતૃત્વોમાં રાજકીય ઈચ્છાશક્તિ અને લાંબા ગાળાની દષ્ટિની, જેથી આ સમજૂતી માત્ર એક ક્ષણિક રાહત ન રહે, પરંતુ ભવિષ્યના સહકારનો પાયો બની રહે.

માનવ અધિકારો, લોકશાહી મૂલ્યો, આર્થિક વ્યવસ્થાના મોડેલો અને વૈશ્વિક નેતૃત્વના મુદ્દાઓ પર અસહમતિ હજુ પણ છે. પરંતુ આ સમજૂતીએ એક માળખું પૂરું પાડ્યું છે કે જેના દ્વારા આ મતભેદોને સંઘર્ષમાં ફેરવાતા અટકાવી શકાય છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૩૧ | ૧૯૭૬ |
| ઘઉં લોકવન | ૪૪૪ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૫૬ |
| મગફળી જીણી | ૧૨૪૧ | ૧૬૯૧ |
| સિંગદાણા જાડા | ૧૫૫૧ | ૧૮૫૧ |
| સિંગ ફાડીયા | ૧૩૫૧ | ૧૮૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૬ | ૧૩૨૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૬૧ |
| ક્લંજી | ૧૧૦૦ | ૩૪૬૧ |
| વરીયાળી | ૧૧૭૬ | ૧૪૫૧ |
| ધાણા | ૧૫૫૧ | ૨૬૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૫૦૧ | ૭૯૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૬૫૧ |
| ડુંગળી લાલ | ૪૧ | ૨૭૬ |
| અડદ | ૯૭૬ | ૧૬૪૧ |
| તુવેર | ૮૨૬ | ૧૫૫૧ |
| રાય | ૧૦૦૦ | ૧૩૭૧ |
| મેથી | ૭૭૧ | ૧૬૬૧ |
| સુવાદાણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| મરચા | ૧૭૦૧ | ૭૨૦૧ |
| ગુવાર બી | ૩૦૦ | ૩૦૦ |
| મગફળી જાડી | ૧૧૭૧ | ૧૬૬૧ |
| સફેદ ચણા | ૧૦૨૬ | ૧૭૦૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૫૨૧ |
| ધાણી | ૧૬૫૧ | ૨૬૬૧ |
| ડુંગળી સફેદ | ૨૩૨ | ૨૬૬ |
| બાજરો | ૨૮૧ | ૩૫૧ |
| જુવાર | ૪૦૧ | ૯૫૧ |
| મકાઇ | ૩૭૧ | ૫૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૭૯૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૧ |
| વાલ | ૪૦૦ | ૧૧૨૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૧૫૪૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૫૧૧ |
| રજકાનું બી | ૫૨૬ | ૫૨૬ |
| અજમાં | ૩૦૦ | ૨૦૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૫૦૦ | ૯૩૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૦૦૦ |
| કોબી | ૮૦ | ૨૪૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૪૪૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૬૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૯ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ક્રુદ્દિક્રિ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૭ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૬૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| મકાઈ ડોડા | ૮૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| શિંગ ગીરનાર | ૧૩૭૭ | ૧૩૭૭ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૭૫ |
| શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૪૦ |
| તલ સફેદ | ૧૪૩૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૬૪૫ |
| તલ કાશમીરી | ૨૨૩૫ | ૨૨૩૫ |
| બાજરો | ૪૩૦ | ૪૪૫ |
| જુવાર | ૬૦૦ | ૯૫૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૮૫ |
| મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| અડદ | ૮૭૫ | ૧૬૮૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૦ |
| ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૨૦ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૧૨૦ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૮૬૦ | ૧૪૫૦ |
| કપાસ | ૭૭૫ | ૨૦૪૫ |
| એરંડા | ૧૦૧૫ | ૧૨૮૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૩૯૯૦ |
| રાય | ૧૦૦૦ | ૩૯૯૦ |
| ધાણી | ૧૬૨૫ | ૨૫૦૦ |
| અજમા | ૧૩૮૦ | ૨૧૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૮૫ |
| સોયાબીન | ૧૨૬૦ | ૧૪૨૦ |
| મરચા લાંબા | ૮૦૦ | ૨૩૦૦ |
| વરીયાળી | ૧૫૦૦ | ૧૫૫૦ |
| કાંગ | ૨૫૫ | ૫૨૫ |
| સુર્યમુખી | ૧૧૭૫ | ૧૧૭૫ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૧૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૦૦ |
| શકકરીયા | ૫૫૦ | ૬૫૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૪૫૦ | ૬૯૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૫૫૦ | ૬૩૦ |
| ગલકા | ૨૩૦ | ૩૨૦ |
| કાચી કેરી | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૪૨૦ | ૫૩૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૫૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ચોળા લીલા | ૫૩૦ | ૬૨૦ |
| તુરીયા | ૯૩૦ | ૧૦૦૦ |
| ગરમર | ૬૦૦ | ૮૧૦ |
| ભીંડો | ૩૧૦ | ૩૭૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૮૦ | ૬૯૦ |
| બીટ | ૩૦૦ | ૩૮૦ |
| સરગવો | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૮૫૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૦૦ |
| લસણ સુકું | ૧૦૯૦ | ૨૧૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીબુ | ૧૦૫૦ | ૧૬૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૧૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૫૭૫ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૫૩ |
| શીંગ નવી | ૧૨૨૫ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૮૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૬૨૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૫ |
| બાજરો | ૪૨૦ | ૫૦૦ |
| જુવાર | ૧૦૩૫ | ૧૧૨૫ |
| મકાઈ | ---- | ૪૧૭ |
| મગ | ૧૫૦૦ | ૧૬૫૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૮૦ |
| ચણા | ૯૭૫ | ૧૦૭૧ |
| દેશી ચણા | ૯૦૦ | ૧૦૪૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૪૩ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૬૫ |
| રાય/રાયડો | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૪૦૦ | ૨૬૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૧૦ | ૧૩૨૫ |
| ઘઉં | ૪૨૮ | ૪૫૨ |
| ચણા | ૧૦૩૫ | ૧૦૪૨ |
| ધાણા | ૨૨૧૦ | ૨૩૧૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૪૦ |
| શીંગ ફાડા | ૧૮૧૦ | ૧૮૧૦ |
| મગ | ૧૫૭૬ | ૧૫૭૬ |
| કાળા તલ | ૩૧૭૦ | ૩૨૧૦ |
| મેથી | ૧૨૪૦ | ૧૨૪૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૫ |
| ઘઉ લોકવન | ૩૯૫ | ૪૫૦ |
| ઘઉ ટુકડા | ૪૧૮ | ૪૭૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૩૩ |
| ધાણા | ૧૭૯૦ | ૨૦૦૦ |
| ચણા સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| તલ સફેદ | ૨૦૩૫ | ૨૦૩૫ |
| મગફળી | ૧૨૯૦ | ૧૪૦૦ |
| લસણ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૨૪૦ | ૧૪૧૦ |
| શીંગફાડા | ૧૭૧૨ | ૧૮૫૦ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૦૦ |
| તલ કાળા | ૧૫૦૫ | ૩૧૮૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૭૧૦ | ૨૦૬૧ |
| કપાસ મીડીયમ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| મગફળી | ૧૨૫૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૧૪૦ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૬૦૦ |
| જીરૂ | ૩૧૪૦ | ૩૮૭૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૭૦ |
| ઘઉ | ૪૪૦ | ૪૭૦ |
| મગ | ૧૪૫૦ | ૧૭૧૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૯૪૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૩ |
| મકાઈ | ૪૦૧ | ૫૦૬ |
| મગ | ૧૦૦૧ | ૧૭૫૧ |
| ચણા | ૯૫૧ | ૧૦૬૬ |
| તુવેર | ૯૫૧ | ૧૨૫૧ |
| મગફળી | ૯૧૧ | ૧૨૭૬ |
| શીંગ ફાડા | ૧૫૦૧ | ૧૭૪૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૧૬૬ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૪૭૧ |
| મેથી | ૯૦૧ | ૧૩૩૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૧૦૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૪૬ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૧ | ૪૯૩ |
| ઘઉં | ૫૨૧ | ૪૮૭ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૨૦૦ |
| જુવાર | ૭૭૦ | ૯૫૪ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૫૪ |
| મગ | ૧૫૨૦ | ૧૯૦૬ |
| એરડી | ૧૦૫૦ | ૧૨૩૩ |
| ચણા | ૯૪૦ | ૧૦૫૩ |
| સફેદ તલ | ૧૪૫૦ | ૨૦૮૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૫૧૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૭૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૩૨૦ |
| કાંગ | ૪૩૦ | ૫૧૩ |
| રજકો | ૩૨૦૦ | ૬૦૦૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૯૮૦ |
| બાજરો | ૪૦૦ | ૫૩૫ |
| ઘઉં | ૩૫૦ | ૪૮૪ |
| મગ | ૧૦૦૦ | ૧૭૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૭૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૭૭૦ | ૧૪૦૦ |
| ચણા સફેદ | ૮૫૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૬૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૭૫ |
| તલ | ૧૨૦૦ | ૨૧૬૫ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૩૨ |
| રાઈ | ૧૨૫૦ | ૧૫૨૫ |
| લસણ | ૮૮૦ | ૧૮૬૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૫ |
| અજમો | ૧૮૦૫ | ૩૬૦૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૧૭૫ | ૨૩૭૦ |
| વટાણા | ૬૩૫ | ૭૭૦ |
| ક્લોંજી | ૧૫૦૦ | ૩૪૦૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૨૫ | ૧૫૨૪ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૦૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૭૦૧ |
| બાજરો | ૩૨૧ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૪૮૬ |
| જુવાર | ૩૦૨ | ૧૦૧૧ |
| મગ | ૧૨૫૦ | ૧૬૬૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૫ |
| તુવેર | ૧૩૦૪ | ૧૩૦૪ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૦૦૧ |
| મેથી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૧૫૧ |
| રાજગરો | ૧૭૦૦ | ૧૭૦૦ |

## શબ્દ સંજોગ-૨૧૯૮



**આડી ચાવી :**

(૧) હા પાડવી તે (૪)
(૨) રદ, નકામુ (૩)
(૩) ઉંચાણનો પ્રદેશ (અ) (૨)
(૫) લગ્નમાં વરસાથે જનારાઓનો સમૂહ (૨)
(૬) નાડી, શિરા (૨)
(૮) આંદોલન, ચળવળ (૩)
(૧૦) કીંમતી પથ્થર (૨)
(૧૨) મુખ, ચહેરો (૩)
(૧૪) ફળની અંદર રહેલો માવો (૨)
(૧૭) એક દેશ (૩)
(૧૯) સનદી હક, ઠરાવ (૩)
(૨૦) દીકરો, દીકરી એક..... (૩)
(૨૧) મૃગી ફેફરુ (૨)
(૨૩) નાની મોટી રકમનો જુમલો કરીને કઢાતુ માપ (૪)
(૨૫) આજે લોકોની આવક કરતા...વધી છે (૩)
(૨૬) આદમની જોડીયણ સ્ત્રી (૨)
(૨૭) સૂચન, ઈશારત (૩)
(૨૮) ધાતુનો ગોળ પોલો લાંબો ઘાટ (૨)
(૨૯) એક હિંદીમાં (૨)

**ઉભી ચાવી :**

(૧) કિસ્મત, નસીબ (૪)
(૪) સુરવાલ, લેંગી (૩)
(૭) ....પત્ર, એક તુમનો (૩)
(૯) પુર, શહેર (૩)
(૧૧) એક અટક (૩)
(૧૩) પગલુ, ડગલુ (૨)
(૧૫) આ ખાનું રદ કરો (૨)
(૧૬) અન્ય, બીજુ (૩)
(૧૮) દૂધી (૨)
(૨૦) જીવ સહિતનું (૩)
(૨૨) હાથચાલકીનું કામ (૨)
(૨૩) પૂરુ, ખતમ (૩)
(૨૪) કરાવેલ શરતપ્રમાણે કોઈ હક્કનો ભોગવટો (૩)
(૨૬) એક દેશ (૪)
(૨૮) માનતા, બાધા (૩)
(૨૯) એક અભિનેત્રી: .........દેઓલ (૨)
(૩૦) એક જાણીતા ઉર્દુ કવિ (૪)
(૩૧) ઘરની બાજુની દિવાલ (૨)

## શબ્દ સંજોગ-૨૧૯૭ જવાબ

**આડી ચાવી:** (૧) મોલાચો (૪) પરોઢ (૬) સરત (૭) નજર (૯) માતબર (૧૧) પાલર (૧૨) ચંદરવો (૧૪) કોલ (૧૮) વરસ (૨૦) રીમ (૨૨) માલતી (૨૪) દ્રાક્ષ (૨૬) યખ (૨૮) અસતત (૨૯) ટકટક.
**ઉભી ચાવી:** (૧) મોહન (૨) ચોસર (૩) શ્વાંત (૪) પર્યત (૫) ઢચ્ચર (૮) જલ્લાદ (૯) મારકો (૧૦) બરે (૧૧) પાવો (૧૨) ચંદેરી (૧૩) રબ (૧૫) લવ (૧૬) ધોંસ (૧૭) વલય (૧૯) રજ (૨૧) મદ્રાસ (૨૩) તીખટ (૨૫) ક્ષત (૨૭) પેક.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખરીફ પાકોના ટેકાના ભાવ વધારાને પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ આવકાર્યો

અમરેલી,તા.૧૫

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવમાં (MSP) મોટો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે, જેને અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ આવકારીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના નેતૃત્વનો આભાર માન્યો છે.

તેમણે જણાવ્યું કે ડબલ એન્જિન સરકાર હંમેશા ખેડૂતોની આવક બમણી કરવા અને તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે કટિબધ્ધ રહી છે.



આ નિર્ણયથી ખેડૂતોને તેમની ઉપજ પર સીધો આર્થિક લાભ મળશે. કપાસમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫૫૭ અને મગફળીમાં રૂ. ૨૫૪ નો વધારો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ડાંગર, મકાઈ, સોયાબીન, બાજરી, મગ અને તુવેર જેવા વિવિધ પાકોના ભાવમાં પણ નોંધપાત્ર વૃધ્ધિ કરાઈ છે, જે ખેડૂતોના કલ્યાણ માટે એક સીમાચિહ્નરૂપ પગલું સાબિત થશે.

**કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો**

# સાવરકુંડલામાં સુરજવડી અને શેલદેદુમલ ડેમને ઉંડા ઉતારવાના કાર્યનો પ્રારંભ

સાવરકુંડલા,તા.૧૫



સાવરકુંડલા તાલુકામાં જળ સંચયને વધુ મજબૂત બનાવવા રાજ્ય સરકાર દ્વારા સુરજવડી અને શેલદેદુમલ ડેમ ખાતે ડિસિલ્ટિંગ તેમજ ડેમને વધુ ઊંડા ઉતારવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો. આશરે રૂ. ૬ કરોડના ખર્ચે હાથ ધરાયેલી આ કામગીરીનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.સુરજવડી ડેમના નિર્માણ બાદ પ્રથમ વખત મોટા પાયે ડિસિલ્ટિંગ કામગીરી હાથ ધરાતા આસપાસના અંદાજે ૧૨ ગામોને સીધો લાભ મળશે. તેમજ શેલદેદુમલ ડેમમાં હાથ ધરાયેલી કામગીરીથી આસપાસના ૮ ગામોના ખેડૂતો અને ગ્રામજનોને લાભ મળશે.આ યોજનાથી ડેમોની પાણી સંગ્રહ ક્ષમતા વધશે, વરસાદી પાણીનો વધુ સંગ્રહ થશે અને ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે. ખેડૂતોને સિંચાઈ માટે લાંબા સમય સુધી પૂરતું પાણી ઉપલબ્ધ રહે તે હેતુથી રાજ્ય સરકાર સતત વિકાસલક્ષી અને જળ સંચયને પ્રોત્સાહન આપતી કામગીરી કરી રહી છે. કાર્યક્રમ દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો, ગ્રામજનો તેમજ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડના અલવા પ્રા.શાળા પાસે ગમખ્વાર અકસ્માતમાં બાઈક સવાર બે મહિલાના મોત

અરવલ્લી,તા.૧૫

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં અલવા પ્રાથમિક શાળા પાસે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. બાયડ તરફથી આવી રહેલી એક આઈશર ટ્રકે મોટરસાઈકલને જોરદાર ટક્કર મારતા બાઈક સવાર બે મહિલાઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. મૃતકોની ઓળખ બિલવણીયા ગામના ભાવનાબેન પરમાર અને સીતાબેન પરમાર તરીકે થઈ છે. આ દુર્ઘટનામાં અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતા તેને તાત્કાલિક સારવાર અર્થે વાત્રક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. એક જ ગામની બે મહિલાઓના અકાળે અવસાનથી બિલવણીયા ગામમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. ઘટનાની જાણ થતા જ બાયડ પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિક હળવો કરાવ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ઉનાના સનખડા-સોંદરડી રસ્તા પરથી બાવળ હટાવવા ગ્રામજનોની પ્રાંત અધિકારીને રજૂઆત

ઉના,તા.૧૫

ઉના તાલુકાના સનખડા અને સોંદરડી ગામના ગ્રામજનોએ રસ્તા પરથી બાવળ હટાવવા માટે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે. સનખડાથી માલણ વિસ્તાર થઈ સોંદરડી ગામ તરફ જતા ગ્રામ્ય રસ્તાની જર્જરિત હાલત સુધારવા અને તાત્કાલિક કાર્યવાહી કરવા પણ માંગ કરાઈ છે.



તસવીર : કૈલાશ ભટ્ટ

આ રસ્તા પર મોટા પ્રમાણમાં કાંટાળા બાવળ અને ઝાડી-ઝાંખરા ફેલાઈ જવાથી રસ્તો અત્યંત સાંકડો બની ગયો છે. ગ્રામજનોએ જણાવ્યું કે રસ્તાની ખરાબ હાલતને કારણે ચોમાસા દરમિયાન અવરજવર અત્યંત મુશ્કેલ બની જાય છે. ખાસ કરીને પશુપાલકો, વિદ્યાર્થીઓ, દૂધ ભરતા વાહનો, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા તેમજ ટ્રેક્ટર સહિતના વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ગ્રામજનોએ ચોમાસા પહેલાં તાત્કાલિક સર્વે કરી બાવળ તથા ઝાડી-ઝાંખરા દૂર કરવા અને રસ્તાનું સમારકામ કરી તેને પહોળો બનાવવાની માંગ કરી છે.

# વહીવટીતંત્રને કરકસરના પાઠ ભણાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

**સરકારી ખર્ચમાં કાપ અને કાર્યક્ષમતા પર ભાર**

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં વહીવટીતંત્રને કરકસરના પાઠ ભણાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ સ્પષ્ટ આદેશ આપ્યો કે સરકારી કાર્યક્રમોમાં બિનજરૂરી ભપકો અને દેખાવ ટાળવો જોઈએ જેથી જાહેર નાણાંનો વ્યય અટકે. તેમણે મંત્રીઓ અને અધિકારીઓને વિકાસલક્ષી કાર્યોમાં નાણાંનો સદુપયોગ કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત બેઠકમાં 'વર્ક ફ્રોમ હોમ' પધ્ધતિની સમીક્ષા કરી વહીવટી કામગીરી પર નકારાત્મક અસર ન પડે તે રીતે આધુનિક કાર્યશૈલી અપનાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. સરકાર આગામી સમયમાં પારદર્શક શાસન માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી શકે છે.

# સાવરકુંડલામાં પાલાબજાર પર તંત્રે બુલડોઝર ફેરવ્યું

સા.કુંડલા,તા.૧૫

સાવરકુંડલા શહેરની મધ્યમાંથી પસાર થતા રિધ્ધિ સિધ્ધિનાથ મહાદેવ મંદિરથી લઈને રજકાપીઠ સુધીના વિસ્તારમાં ગત રાત્રે તંત્ર દ્વારા એક મોટી ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોર્ટના આદેશ અનુસાર સ્થાનિક પાલાધારકોએ અગાઉથી જ સ્વેચ્છાએ પોતાની જગ્યાઓ ખાલી કરી દીધી હતી, જે બાદ તંત્ર દ્વારા બુલડોઝર ફેરવીને ત્યાં બાકી રહેલા



ઓટલા અને અન્ય પાકા-કાચા બાંધકામોને સંપૂર્ણપણે હટાવી દેવામાં આવ્યા હતા. તંત્રના જણાવ્યા અનુસાર, વર્ષો જૂના આ પાલાબજારની જગ્યા ખાલી થતાં હવે આ વિસ્તારનો કાયાકલ્પ થશે. અહીં શહેરની સુંદરતામાં વધારો કરતો એક આધુનિક રીવરફ્રન્ટ બનાવવામાં આવશે, જેનાથી સાવરકુંડલાના વિકાસને નવી પાંખો મળશે. બીજી તરફ, આ ડિમોલિશનના કારણે વર્ષોથી અહીં નાનો-મોટો વેપાર કરીને ગુજરાન ચલાવતા અનેક પાલા ધારકોની રોજીરોટી છીનવાઈ ગઈ છે અને તેમની સામે આજીવિકાનું મોટું સંકટ ઊભું થયું છે. આ બાબતને લઈને શહેરના બુધ્ધિજીવીઓ અને અગ્રણીઓમાં વ્યાપક ચર્ચા જાગી છે. સ્થાનિક બુધ્ધિજીવીઓનું માનવું છે કે વિકાસ જરૂરી છે, પરંતુ તંત્રએ આ ગરીબ વેપારીઓ પ્રત્યે કૂણું વલણ અપનાવવું જોઈએ.

# કોડીનાર નજીકના આશ્રમમાં PGVCLનો જીવતો વાયર તૂટવાથી આગમાં ૪૦૦ આંબા બળીને ખાખ

કોડીનાર,તા.૧૫

કોડીનારના ઘાટવડ અને જામવાળા નજીક આવેલા જમદગ્નિ આશ્રમમાં PGVCLની બેદરકારી સામે આવી છે. આશ્રમના આંબાના બગીચા ઉપરથી પસાર થતો ૧૧ KVનો જર્જરિત વીજ વાયર અચાનક તૂટી પડતા લાગેલી આગમાં ૪૦૦થી વધુ આંબાના ઝાડ અને ટપક સિંચાઈની પાઈપો બળીને ખાખ થઈ ગઈ છે. આ ઘટનાને પગલે આશ્રમના મહંત હરિદાસ બાપુએ PGVCLના નાયબ ઈજનેરને ફરિયાદ કરી રૂ. ૧૭ લાખનું નુકસાની વળતર આપવાની અને નવા વાયરો નાખવાની



તસવીર : કુલદીપ પાઠક

માગણી કરી છે.જીવતા વીજ વાયર સૂકા ઘાસ પર પડતા જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. PGVCLના સડેલા વાયરોને કારણે આ કોઈ પ્રથમ ઘટના નથી. અગાઉ પણ વાયર તૂટવાને કારણે ગાયો માટે વાવેલો ૩ લાખની કિંમતનો જુવારનો ઘાસચારો બળી ગયો હતો. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આ સડેલા વાયરો બદલવામાં આવ્યા નથી, જેના પરિણામે આશ્રમને મોટું નુકસાન સહન કરવું પડ્યું છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જ ઘાટવડ ગામે ૧૧ KVનો વાયર તૂટી પડવાથી બે આશાસ્પદ યુવાનોના કરૂણ મોત નીપજ્યા હતા.

# ઉના પોલીસે અલગ-અલગ દરોડામાં દારુનો ધંધો કરતા બે શખ્સોની ધરપકડ કરી

ઉના,તા.૧૫

ઉના શહેરમાં પોલીસે દારૂબંધીના કાયદાનું કડક પાલન કરાવવા માટે સપાટો બોલાવ્યો છે જેના ભાગરૂપે બે અલગ-અલગ સ્થળોએ સફળ ઓપરેશન પાર પાડી કુલ રૂ.૨,૪૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પી.આઈ. જે.કે. મોરી અને તેમની ટીમે બાતમીના આધારે આ કાર્યવાહી કરી હતી. પ્રથમ કિસ્સામાં દેલવાડા ગામ પાસે વોચ ગોઠવીને જ્યુપિટર મોપેડની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી જેમાં પોલીસે સેજનભાઈ ઉર્ફે નફક સોરઠિયા નામના શખ્સની ધરપકડ કરી છે જ્યારે તેનો સાથીદાર મહંમદ શાબીર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. બીજા બનાવમાં પારેખ ચોક વિસ્તારમાંથી મહેન્દ્રસિંહ ગોહિલ નામના શખ્સને વિદેશી દારૂ અને બિયરના ટીન સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે બંને ગુનામાં વાહનો, મોબાઈલ ફોન અને દારૂનો જથ્થો મળીને કુલ રૂ.૨.૪૨ લાખની મતા કબજે કરી છે અને ફરાર આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# કોડીનાર તાલુકાના સિંધાજ ગામના વિદ્યાર્થીએ પીએચ. ડી.ની ડિગ્રી મેળવી

કોડીનાર,તા.૧૫

કોડીનાર તાલુકાના સિંધાજ ગામના અગ્રણી મનુભાઈ રાઠોડના પુત્ર અને શિવાભાઈ સોલંકીના ભાણેજ ડૉ. નિર્મિતકુમાર મનુભાઈ રાઠોડ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાંથી "A Study On Growth and Financial Perfromance of IRCTC Ltd." વિષય પીએચ ડી થયા છે. તેમણે ડૉ. ડી. આર. ચાવડાના માર્ગદર્શન અને



ડીન પ્રો. ડૉ. ભાવસિંહ ડોડીયાના વડપણ હેઠળ પીએચ ડીની પદવી મેળવીને સમગ્ર કારડિયા રાજપુત સમાજ, રાઠોડ પરિવારનું ગૌરવ વધાર્યું છે.

# વેલણ, માઢવાડ અને કોટડા ગામમાં ૧૦ વર્ષ જૂની રજૂઆતનો અંતઃ કોટડા-ઓખા બસ સેવાનો પ્રારંભ

કોડીનાર,તા.૧૫

કોડીનાર વિધાનસભા વિસ્તારના વેલણ, માઢવાડ અને કોટડા ગામના લોકોની છેલ્લા દાયકાની રજૂઆતોનો આખરે સુખદ અંત આવ્યો છે. કેબિનેટ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને પૂર્વ સાંસદ દીનુ સોલંકીના વિશેષ પ્રયાસોથી કોટડા-ઓખા બસ સેવા માટે બે નવી બસો ફાળવવામાં આવી છે. આ બસોને તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ બારડ અને ડૉ. સંજયભાઈ પરમાર દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં



તસવીર : ધર્મેશ પાઠક

આવ્યું હતું.ત્રણેય ગામોમાં બસનું ધામધૂમથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને ગ્રામ અગ્રણીઓએ મંત્રી તથા પૂર્વ સાંસદનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પૂર્વ સરપંચો, સામાજિક આગેવાનો અને તાલુકા પંચાયત સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલ તાલુકાના ગોમટામાં ભાદર નદીના વહેણમાં દબાણની ફરિયાદ

ગોંડલ,તા.૧૫

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ગોમટા ગામ પાસેથી પસાર થતી ભાદર નદીના વહેણમાં કેટલાક શખ્સો દ્વારા ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હોવાની લેખિત ફરિયાદ તાલુકા મામલતદારને કરવામાં આવી છે. આ દબાણને કારણે આગામી ચોમાસામાં પૂર જેવી સ્થિતિ સર્જાવાની અને જન-માલને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.ગામના રહેવાસી બાબુભાઈ ચાવડીયા અને અન્ય ખેડૂતોએ રાજકોટસ્થિત જિલ્લા કાર્યપાલક ઈજનેરની કચેરીએ ન્યાયની માંગ સાથે અરજી કરી છે. અરજીમાં જણાવ્યા અનુસાર, ભાદર નદીના કાંઠે આવેલા કેટલાક સર્વે નંબરના ખાતેદારો



દ્વારા સરકારી જમીન પર દબાણ કરવામાં આવ્યું છે. અરજદારોનો આક્ષેપ છે કે, સર્વે નં. ૨૭ પૈકી ૧ ની સરકારી ખરાબાની જમીનમાં માટી અને પથ્થર નાખીને નદીના કુદરતી વહેણને અવરોધવામાં આવ્યું છે. આ દબાણ સર્વે નં. ૨૩ પૈકી ૩ ના ખાતેદાર જગદીશભાઈ મનસુખભાઈ મારવણીયા તથા સર્વે નં. ૨૭ પૈકી ૪ ના ખાતેદાર રમેશભાઈ કાનજીભાઈ ભાલોડીયા વગેરે દ્વારા કરવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં ઉલ્લેખાયું છે. વહેણમાં અવરોધ ઉભો થવાથી પાણીનો નિકાલ બંધ થયો છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે 'સ્થળ તપાસ' કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.


Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**ભૌતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| કુસુમબેન લક્ષ્મણભાઈ માળી<br>કોમલબેન લક્ષ્મણભાઈ માળી<br>ચંદ્રકાંતભાઈ બાબુભાઈ ચૌધરી (ગેરન્ટર)<br>૨૦૦૦૨૦૬૦૦૦૪૩૦૫ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે ટેનામેન્ટ જમીન વિસ્તારને ૪૫.૦૦ ચો. મીટર, અંતિમ પ્લોટ નં. ૧૮૧ પૈકી પર સ્થિત, રેવન્યુ સર્વે નંબર ૧૪ અને ૧૫/ પૈકી, સિટી સર્વે નંબર ૨૮૦૬ પૈકી, ઓમનગર, કે.કે. પારેખ અને મહેતા આર.પી.સ્કૂલ ની પાછળ, ચિતલ રોડ, શહેરઃ અમરેલી, તાલુકા અને જિલ્લોઃ અમરેલી, ગુજરાત સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ પ્લોટ નં. ૧૮૧ ની જમીન, પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ પ્લોટ નં. ૧૮૩ ની જમીન, દક્ષિણઃ પ્લોટ નં. ૧૮૧ ની જમીન | મે ૩૧, ૨૦૨૫ | મે ૧૨, ૨૦૨૬ | રૂ.૧૨,૬૩,૬૬૪.૨૮ (મે ૧૯, ૨૦૨૫ ના રોજ) |

સ્થળઃ અમરેલી
તારીખઃ મે ૧૬, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ


# રાજ્ય સરકાર સીએમ યુનિફાઈડ પોર્ટલ શરૂ કરશે

ગાંધીનગર,તા.૧૫

ગુજરાત સરકાર નાગરિકોની સુવિધા માટે ટૂંક સમયમાં 'સીએમ યુનિફાઈડ પોર્ટલ' શરૂ કરશે. આ સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા તમામ સરકારી વિભાગોની ફરિયાદો અને રજૂઆતો એક જ પ્લેટફોર્મ પર ઓનલાઈન નોંધી શકાશે. યુનિક ટ્રેકિંગ નંબરની મદદથી અરજદારો ઘરે બેઠા પોતાની ફરિયાદની સ્થિતિ જાણી શકશે, જેનાથી કચેરીઓના ધક્કા બંધ થશે.


**CHANGE OF NAME**

I Undersign I TRIVEDI DIPTI HIMANSHU have changed my name from MITHANI DIPTIBEN FIROZBHAI ( Befor marriage ) To TRIVEDI DIPTI HIMANSHU (After marriage) Now i will be known as TRIVEDI DIPTI HIMANSHU

Sing : TRIVEDI DIPTI HIMANSHU

Address: 159/A,SHERI-5, MAHAGAUTAMESHWAR NAGAR, AMDABAD ROAD,AT-SIHOR,DIST-BHAVNAGAR:-364240

# અમરેલીના ડીવાયએસપીના અમદાવાદમાં આવેલા મકાન પર ત્રણ મહિલાઓનો કબજો

**કલેકટરના આદેશ બાદ ત્રણેય મહિલાઓ સામે લેન્ડ ગ્રેબિંગનો ગૂનો નોંધાયો**

અમદાવાદ,તા.૧૫

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જેમાં ખુદ એક ઉચ્ચ પોલીસ અધિકારી લેન્ડ ગ્રેબિંગનો શિકાર બન્યા છે. અમરેલીમાં DySP તરીકે ફરજ બજાવતા અશોકસિંહ ગોહીલે વર્ષ ૨૦૨૦માં ચાંદખેડાની સકલ રેસીડેન્સીમાં પોતાના પુત્રના અભ્યાસ અર્થે એક ફ્લેટ ખરીદ્યો હતો. તે સમયે મકાનમાં ભાડે રહેતી ત્રણ મહિલાઓ જાનકીબહેન, અંજલીબહેન અને અંકીતાબહેન મોહરાણાની વિનંતી અને બાળકીઓની પરીક્ષાને ધ્યાને રાખી તેમણે માનવતાના ધોરણે થોડો સમય રહેવા મંજૂરી આપી હતી. જોકે આ ઉદારતા ભારે પડી અને સમય મર્યાદા પૂર્ણ થયા બાદ પણ મહિલાઓએ મકાન ખાલી કરવાને બદલે તેના પર ગેરકાયદે કબ્જો જમાવી દીધો હતો. આ મહિલાઓ એટલી હિંમતવાન હતી કે મકાન ખાલી કરાવવા જતાં તેઓ DySP અને અગાઉના માલિકને છેડતીના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપતી હતી. આશરે ૯૫ લાખની કિંમતના આ મકાનને પચાવી પાડવાના ઈરાદે છેલ્લા છ વર્ષથી કોઈપણ ભાડા કરાર કે કાયદેસરના આધાર વગર કબ્જો જાળવી રાખ્યો હતો. અંતે આ મામલો અમદાવાદ જિલ્લા કલેક્ટર સમક્ષ પહોંચતા તપાસના અંતે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવાનો આદેશ કરાયો હતો જેના આધારે ચાંદખેડા પોલીસે ત્રણેય મહિલાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોલકાતામાં રસ્તા પર નમાજ પઢવા મુદ્દે હોબાળો થતા પોલીસની કડક કાર્યવાહી

કોલકાતા, તા.૧૫



પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ રસ્તા પર નમાજ અદા કરવાના મુદ્દે પ્રથમવાર મોટો વિવાદ સર્જાયો છે. શુક્રવારે કોલકાતાના રાજા બજાર વિસ્તારમાં રસ્તા પર નમાજ પઢવા માટે એકઠા થયેલા લોકોને પોલીસે અટકાવતા ભારે હોબાળો મચી ગયો હતો. વર્ષોથી ચાલતી આ પરંપરાનો હવાલો આપી નમાઝીઓએ વિરોધ કર્યો હતો, પરંતુ પોલીસના કડક વલણ સામે આખરે રસ્તો ખાલી કરવો પડ્યો હતો. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના નેતૃત્વ હેઠળની નવી સરકારે રાજ્યમાં રસ્તા પર ધાર્મિક પ્રવૃત્તિઓ કરવા પર કડક પ્રતિબંધ મૂક્યો છે. સરકારના આદેશ મુજબ, રસ્તા પર કોઈ પણ ધાર્મિક કાર્યક્રમો યોજી શકાશે નહીં અને મંદિરો કે મસ્જિદોમાં ઊંચા અવાજે લાઉડસ્પીકર વગાડવાની પણ મનાઈ છે. શુક્રવારની આ ઘટના દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થતા વાતાવરણ તંગ બન્યું હતું અને લોકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. ૯ મેના રોજ નવી સરકારના શપથ ગ્રહણ બાદ આ પ્રકારની આ પ્રથમ ઘટના છે, જે સ્પષ્ટ કરે છે કે રાજ્ય સરકાર સાર્વજનિક સ્થળો પર ધાર્મિક શિસ્ત જાળવવા માટે કટિબધ્ધ છે.

# 'મોંઘવારીનો પ્રહાર' પેટ્રોલ-ડીઝલમાં રૂ.૩નો તોતિંગ વધારો થતા કોંગ્રેસના આકરા પ્રહારો

નવીદિલ્હી,તા.૧૫

દેશમાં વિધાનસભા ચૂંટણીઓ પૂર્ણ થતા જ કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ.૩ અને CNGમાં રૂ.૨નો વધારો ઝીંક્યો છે. કોંગ્રેસે વડાપ્રધાન મોદીને 'ફુગાવાના માણસ' ગણાવીને આકરા પ્રહાર કર્યા છે. કોંગ્રેસના મતે, ચૂંટણી પત્યા બાદ પીએમ મોદીની જનતા પાસેથી 'વસૂલાત' શરૂ થઈ ગઈ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટમાં નાકાબંધીને કારણે બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ પ્રતિ બેરલ ઈ૧૦૦ને પાર કરી ગયા છે. દિલ્હીમાં હવે પેટ્રોલ રૂ.૯૭.૭૭ અને ડીઝલ રૂ.૯૦.૬૭ પર પહોંચ્યું છે. આ ઉપરાંત, કોંગ્રેસે અદાણી મુદ્દે પણ સરકાર પર નિશાન સાધતા આક્ષેપ કર્યો છે કે મોદી અમેરિકા સમક્ષ નમી ગયા છે અને ટ્રમ્પના ઈશારે સમાધાનકારી રાજનીતિ કરી રહ્યા છે.

# ઈરાન-અમેરિકા વચ્ચે ભારત મધ્યસ્થી કરી શકે છે : રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ

નવીદિલ્હી,તા.૧૫



રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે ભારતની રાજદ્વારી ક્ષમતાની પ્રશંસા કરતા જણાવ્યું છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને ઉકેલવા માટે ભારત લાંબા ગાળે પ્રભાવી મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે. ભારતની મુલાકાત દરમિયાન તેમણે નોંધ્યું કે ભારત પાસે વ્યાપક રાજદ્વારી અનુભવ અને વૈશ્વિક સ્તરે સંવાદ સ્થાપિત કરવાની અનોખી ક્ષમતા છે. બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠક અને વડાપ્રધાન મોદી તથા વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની ચર્ચામાં લાવરોવે વ્યૂહાત્મક ભાગીદારી પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે રશિયા અને ભારત પશ્ચિમી દેશોના આર્થિક દબાણ અને પ્રતિબંધોની અસર ઘટાડવા માટે વૈકલ્પિક નાણાકીય વ્યવસ્થા પર કામ કરી રહ્યા છે. બંને દેશોએ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૧૦૦ બિલિયન ડોલર સુધી લઈ જવાનું લક્ષ્ય રાખ્યું છે. આ મુલાકાત દરમિયાન પરિવહન કોરિડોર અને કનેક્ટિવિટી મજબૂત કરવા પર પણ ચર્ચા થઈ હતી.

# રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસ પર કિરેન રિજિજુએ સવાલો ઉઠાવ્યા

નવીદિલ્હી,તા.૧૫

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષના નેતા રાહુલ ગાંધીની વિદેશ યાત્રાઓ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે, સંસદને જાણ કર્યા વિના કરવામાં આવતા પ્રવાસો અનેક શંકાઓ જન્માવે છે.

રિજિજુએ ભારપૂર્વક કહ્યું કે, નિયમ મુજબ દરેક સાંસદે વિદેશ પ્રવાસના ત્રણ અઠવાડિયા પહેલા લોકસભા અથવા રાજ્યસભા સચિવાલયને જાણ કરવી ફરજિયાત છે. ૨૦૦૪ થી અત્યાર સુધીમાં રાહુલ ગાંધીના ૫૪ વિદેશ પ્રવાસો નોંધાયા છે. મંત્રીએ સવાલ ઉઠાવ્યો હતો કે આ મુલાકાતો દરમિયાન તેમને કોણે આમંત્રણ આપ્યું હતું અને વિદેશી એજન્સીઓ દ્વારા તેમના પર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? જો કોઈ સાંસદ વિદેશમાં આતિથ્ય સ્વીકારે છે, તો તેમણે 'એફસીઆરએ' (FCRA) હેઠળ ગૃહ મંત્રાલયની મંજૂરી લેવી જરૂરી છે.

# યુપીમાં મહિલાએ પાંચ દિવસના અંતરે ચાર બાળકોને જન્મ આપતા તબીબો પણ આશ્ચર્યચકિત

મુરાદાબાદ,તા.૧૫



ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં એક અત્યંત દુર્લભ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં સંભલ જિલ્લાની ૩૧ વર્ષીય મહિલા અમીનાએ પાંચ દિવસના ગાળામાં ચાર બાળકોને જન્મ આપ્યો છે. આ અસાધારણ ઘટનામાં બે છોકરાઓ અને બે છોકરીઓનો સમાવેશ થાય છે. તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ આ કિસ્સો જેટલો આશ્ચર્યજનક છે તેટલો જ જોખમી પણ હતો. ડો. શુભ્રા અગ્રવાલના જણાવ્યા અનુસાર, અમીનાની ગર્ભાવસ્થા ઉચ્ચ જોખમ ધરાવતી હતી. ૯ મેના રોજ તેણે પ્રથમ બાળકને જન્મ આપ્યો હતો, જ્યારે બાકીના ત્રણ બાળકોનો જન્મ ૧૪ મેના રોજ થયો હતો. સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં જોખમ ટાળવા તબીબો સલાહ આપતા હોય છે, પરંતુ પરિવારે ચારેય બાળકોને જન્મ આપવાનો મક્કમ નિર્ધાર કર્યો હતો. હાલમાં માતા અમીના સંપૂર્ણ સ્વસ્થ છે અને બાળકોને તકેદારીના ભાગરૂપે વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે. નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો થઈ રહ્યો છે. સ્થાનિક સ્તરે આ ઘટના ભારે ચર્ચાનો વિષય બની છે.

# એપ્રિલમાં કુલ નિકાસમાં ૧૩.૭૮%નો વધારો, પરંતુ પશ્ચિમ એશિયા સાથેના વેપારમાં મોટો ઘટાડો

નવીદિલ્હી,તા.૧૫




એપ્રિલ મહિનામાં ભારતનો વિદેશી વેપાર મિશ્ર રહ્યો છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ભારતની કુલ નિકાસ વાર્ષિક ધોરણે ૧૩.૭૮% વધીને ૪૩.૫૬ બિલિયન ડોલર પર પહોંચી છે. આ જ ગાળામાં કુલ આયાત પણ ૧૦% વધીને ૭૧.૯૪ બિલિયન ડોલર નોંધાઈ છે, જે મજબૂત સ્થાનિક માંગ સૂચવે છે. જોકે, પશ્ચિમ એશિયાના દેશો સાથેના વેપારમાં ચિંતાજનક ઘટાડો જોવા મળ્યો છે. પશ્ચિમ એશિયામાં ભારતની નિકાસ ૨૮% ઘટીને ૪.૧૬ બિલિયન ડોલર થઈ ગઈ છે, જે ગયા વર્ષે ૫.૭૮ બિલિયન ડોલર હતી. તેવી જ રીતે, આ ક્ષેત્રમાંથી થતી આયાતમાં પણ ૩૧.૬૪% નો મોટો ઘટાડો નોંધાયો છે. નિષ્ણાતોના મતે, એકંદર વેપારમાં થયેલો વધારો ભારતીય અર્થતંત્રની સ્થિરતા દર્શાવે છે, પરંતુ પશ્ચિમ એશિયા સાથેના વેપારમાં આવેલો ૩૦% જેવો ઘટાડો નીતિ નિર્માતાઓ માટે ચિંતાનો વિષય છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિઓ આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે.

# ગૌતમ અદાણીને અમેરિકામાં લાંચ અને છેતરપિંડીના કેસ બંધ થવાની શક્યતા

નવીદિલ્હી,તા.૧૫



ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી માટે અમેરિકાથી રાહતના સમાચાર છે. મીડિયા અહેવાલો મુજબ, યુએસ વહીવટીતંત્ર અદાણી વિરુધ્ધના કથિત લાંચ અને છેતરપિંડીના કેસો બંધ કરવા તરફ આગળ વધી રહ્યું છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ ટૂંક સમયમાં ફોજદારી આરોપો પાછા ખેંચવાની જાહેરાત કરી શકે છે. નવેમ્બર ૨૦૨૪માં બ્રુકલિનની કોર્ટમાં સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ માટે $૨૫૦ મિલિયનની લાંચ આપવાના આરોપો મૂકવામાં આવ્યા હતા, જેને અદાણી ગૃપે નકારી કાઢ્યા હતા. અદાણીના વકીલોએ દલીલ કરી હતી કે યુએસ નિયમનકારો પાસે આ મામલે અધિકારક્ષેત્રનો અભાવ છે.

સત્તાવાર જાહેરાત બાકી હોવા છતાં, આ હિલચાલથી અદાણી ગ્રુપના શેરો અને વિશ્વસનીયતામાં મોટો સુધારો થવાની અપેક્ષા છે.

# હોર્મુઝ સ્ટ્રેટમાં બધા જહાજોની અવરજવર માટે ઈરાન તૈયાર : વિદેશ મંત્રી અરાઘચી

નવી દિલ્હી, તા.૧૫

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ભારત મુલાકાત દરમિયાન જણાવ્યું છે કે, ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી તમામ જહાજોને સુરક્ષિત રીતે પસાર થવા દેવા માટે તૈયાર છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ઈરાને ક્યારેય પરમાણુ શસ્ત્રોની ઈચ્છા રાખી નથી અને વર્તમાન જટિલ પરિસ્થિતિનો ઉકેલ માત્ર વાટાઘાટો દ્વારા જ શક્ય છે. અરાઘચીએ નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું કે કોઈપણ વિવાદનો લશ્કરી ઉકેલ હોઈ શકે નહીં. તેમણે શાંતિ સ્થાપવા માટે ચીન અને ભારતની રચનાત્મક ભૂમિકાનું સ્વાગત કર્યું છે. અમેરિકા પર અવિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે ઈરાન રાજદ્વારી માર્ગ અપનાવવા અને યુધ્ધવિરામ જાળવી રાખવા પ્રયત્નશીલ છે. આ નિવેદનથી વૈશ્વિક ઊર્જા બજાર અને જહાજ પરિવહન ક્ષેત્રે મોટી રાહત મળવાની અપેક્ષા છે.

# પટનામાં એક જ દિવસમાં પાંચ અજાણ્યા મૃતદેહો મળી આવતા ખળભળાટ મચ્યો

પટણા,તા.૧૫



બિહારની રાજધાની પટનામાં વિવિધ વિસ્તારોમાંથી પાંચ અજાણ્યા મૃતદેહો મળી આવતા ચકચાર મચી ગઈ છે. આલમગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રસ્તાની બાજુમાં એક વૃધ્ધ અને ગંગા કિનારે ભદ્ર ઘાટ પરથી એક પુરુષ અને મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. ઉપરાંત, ચોક પોલીસ સ્ટેશન હેઠળના મિરચાઈ ઘાટ અને માલસલામી પોલીસ સ્ટેશન વિસ્તારના એક મંદિરના કૂવામાંથી પણ મૃતદેહો મળી આવ્યા છે. પોલીસે તમામ પાંચેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી તપાસ તેજ કરી છે. હજુ સુધી કોઈની ઓળખ થઈ નથી, જેને કારણે રહસ્ય વધુ ઘેરાયું છે. પોલીસ આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસી રહી છે અને સ્થાનિક લોકોની પૂછપરછ કરી સત્ય શોધવા પ્રયાસ કરી રહી છે. આ ઘટના બાદ પટનામાં સુરક્ષા અંગે લોકોમાં ગભરાટ ફેલાયો છે.

# વૈશ્વિક ઊર્જા કટોકટી વચ્ચે અવિરત ઈંધણ સપ્લાયની રશિયાની ભારતને ખાતરી

મોસ્કો,તા.૧૫



ઈરાન-અમેરિકા વચ્ચે વધતા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે વિશ્વભરમાં ઊર્જા સંકટ ઘેરાયું છે, ત્યારે રશિયાએ ભારત માટે રાહતના સમાચાર આપ્યા છે. રશિયન વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવે સ્પષ્ટપણે ખાતરી આપી છે કે રશિયા ભારતના ઊર્જા હિતોનું રક્ષણ કરશે અને પુરવઠામાં કોઈ વિક્ષેપ પડવા દેશે નહીં. લવરોવે જણાવ્યું હતું કે, રશિયા હંમેશા ભારત પ્રત્યેની પોતાની જવાબદારીઓ પ્રત્યે કટિબધ્ધ રહ્યું છે. કોઈપણ પ્રકારની અન્યાયી સ્પર્ધા ભારત-રશિયા વચ્ચેના ઊર્જા કરારોને નુકસાન પહોંચાડી શકશે નહીં. તેમણે સંકેત આપ્યો કે વર્તમાન કટોકટી વચ્ચે બંને દેશો ગેસ, તેલ અને કોલસા જેવા હાઈડ્રોકાર્બન ક્ષેત્રે સહયોગ વધુ મજબૂત બનાવશે. પશ્ચિમ એશિયાની અસ્થિર પરિસ્થિતિમાં રશિયા ભારત માટે સૌથી વિશ્વસનીય ઊર્જા ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. ભારત પોતાની ઈંધણ જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરતું હોવાથી, રશિયાની આ ખાતરીથી ભારતીય બજારમાં તેલના ભાવ સ્થિર રાખવામાં અને સ્થાનિક અર્થતંત્ર પરનું દબાણ ઘટાડવામાં મોટી મદદ મળશે. આ ભાગીદારી હવે માત્ર સંરક્ષણ પૂરતી મર્યાદિત ન રહેતા ઊર્જા સુરક્ષાનો મહત્વનો સ્તંભ બની છે.

# ન્યૂ મેક્સિકોમાં ટેકઓફ બાદ વિમાન તૂટી પડતા ચારના મોત

ન્યૂમેક્સિકો,તા.૧૫



અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યમાં એક નાનું મેડિકલ પ્લેન ટેકઓફ થયાના ગણતરીના સમયમાં જ ક્રેશ થતા ચાર મુસાફરોના કરુણ મોત નીપજ્યા છે. આ દુર્ઘટના રુઈડોસો વિસ્તાર પાસે બની હતી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) ના જણાવ્યા મુજબ, વિમાન રોઝવેલ એર સેન્ટરથી સિએરા બ્લાન્કા રિજનલ એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. પ્લેન ક્રેશ થતાની સાથે જ પર્વતીય વિસ્તારના જંગલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જે જોતજોતામાં પાંચ એકર વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. સ્થાનિક વહીવટીતંત્ર અને યુએસ ફોરેસ્ટ સર્વિસ દ્વારા ભારે પવન અને ગરમ હવામાન વચ્ચે આગ પર કાબૂ મેળવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. ઘટના સમયે પવનની ગતિ ૫૬ કિમી પ્રતિ કલાક હોવાથી બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી હતી. છેલ્લા ૧૮ મહિનામાં અમેરિકામાં મેડિકલ એરક્રાફ્ટ દુર્ઘટનાઓની સંખ્યામાં વધારો થયો છે. જાન્યુઆરી ૨૦૨૫ માં ફિલાડેલ્ફિયામાં થયેલા જેટ ક્રેશ બાદ આ બીજી મોટી ઘટના છે. હાલમાં નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ દ્વારા અકસ્માતના ચોક્કસ કારણો જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

### પરિવહનને વધુ વેગ આપવા માટે ૩૦૦ નવી એસટી બસો સેવામાં કાર્યરત થશે

# ઈંધણની બચતને લઈ રાજય સરકારની કેબીનેટ બેઠક મળી

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર ખાતે ૧૫ મેના રોજ મળેલી ગુજરાત સરકારની કેબિનેટ બેઠકમાં રાજ્યના હિતમાં અનેક ક્રાંતિકારી નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકનો મુખ્ય એજન્ડા ઈંધણની બચત કરવી, સરકારી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરવો અને જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાનો રહ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તમામ મંત્રીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે તેઓ પોતાના વિભાગોમાં પેટ્રોલ અને ડીઝલના વપરાશ પર નિયંત્રણ લાવે. આ હેતુ માટે સરકારે હવે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે, જેમાં શારીરિક હાજરીને બદલે ઓનલાઈન મીટિંગ્સ પર ભાર મૂકવામાં આવશે. વધુમાં, વહીવટી કાર્યક્ષમતા જાળવી રાખીને ખર્ચ ઘટાડવા માટે ‘વર્ક ફ્રોમ હોમ’ની શક્યતાઓ ચકાસવા માટે પણ દરેક વિભાગને આદેશ આપવામાં આવ્યા છે, જેથી બિનજરૂરી અવરજવર અને સંસાધનોનો વ્યય અટકાવી શકાય. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ બેઠક બાદ એક મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે આવતીકાલથી જ રાજ્યમાં જાહેર પરિવહનને વધુ વેગ આપવા માટે ૩૦૦ નવી એસટી બસો સેવામાં મૂકવામાં આવશે. સરકારની આ



પહેલની ખાસ વાત એ છે કે આ બસો માટે કોઈ ભવ્ય લોકાર્પણ સમારોહ યોજવામાં આવશે નહીં, પરંતુ સામાન્ય જનતાની સુવિધા માટે તેને સીધી ડેપો પરથી કાર્યરત કરી દેવામાં આવશે. આ ઉપરાંત, શહેરી વિસ્તારોમાં મેટ્રો સેવાનો સમય લંબાવીને રાત્રે ૧૧ વાગ્યા સુધી કરવામાં આવ્યો છે, જેથી મોડી રાત સુધી મુસાફરી કરતા નાગરિકોને ખાનગી વાહનોનો ઉપયોગ ન કરવો પડે. સરકારનો ઉદ્દેશ્ય છે કે નાગરિકો વધુમાં વધુ જાહેર પરિવહનનો ઉપયોગ કરે અને ઈંધણની બચત થાય.

મુખ્યમંત્રીએ વહીવટી તંત્રમાં કરકસર લાવવા માટે પ્રોટોકોલમાં પણ મોટા ફેરફારો સૂચવ્યા છે. હવેથી લોકાર્પણ કે ખાતમુહૂર્ત જેવા કાર્યક્રમો અત્યંત સાદગીપૂર્ણ રીતે યોજવાના રહેશે. મંત્રીઓને આવા કાર્યક્રમોમાં જવાની છૂટ છે, પરંતુ તેમની સાથે રહેતા લાંબા સુરક્ષા કાફલાઓ અને ગાડીઓના થપ્પા ઘટાડવા માટે કડક આદેશ અપાયા છે. અધિકારીઓ અને કર્મચારીઓ માટે પણ ‘કારપૂલિંગ’ એટલે કે એક જ વાહનમાં સહ-મુસાફરી કરવાના સૂચનો અપાયા છે. ગાંધીનગર ખાતે યોજાતી બેઠકોમાં દૂર-દૂરથી કર્મચારીઓને બોલાવવાને બદલે વર્ચ્યુઅલ માધ્યમનો ઉપયોગ કરવાનું નક્કી થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને માન આપીને રાજ્ય સરકાર હવે સાધન-સંપત્તિના વિવેકપૂર્ણ ઉપયોગ દ્વારા પર્યાવરણ અને સરકારી તિજોરી બંનેનું રક્ષણ કરવા કટિબધ્ધ બની છે. આ નિર્ણયોથી સામાન્ય નાગરિકોમાં પણ જનજાગૃતિ આવશે અને બિનજરૂરી સંગ્રહખોરી જેવી પ્રવૃત્તિઓ પર રોક લાગશે.

## મોરબીમાં પિતાની મંજૂરીથી સગીર દિકરી પર દુષ્કર્મ

મોરબી,તા.૧૫

મોરબીના શહેરી વિસ્તારમાં એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે, જ્યાં ભાડે રહેતા પરિવારની સગીર દીકરી પર મકાન માલિક દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

પ્રાથમિક દ્રષ્ટિએ આ કેસ માત્ર મકાન માલિકની હેવાનિયતનો લાગતો હતો, પરંતુ પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો કે નરાધમ પિતાએ જ મકાન માલિકને પોતાની પુત્રી સાથે કુકર્મ કરવાની છૂટ આપી હતી. સગીરાના ભોળપણનો ગેરલાભ ઉઠાવી સતત યૌન શોષણ કરવામાં આવતું હતું. પરિવારના અન્ય સભ્યોને જાણ થતા તેઓએ હિંમત દાખવી ફરિયાદ નોંધાવી હતી. હાલ મોરબી સિટી એ ડિવિઝન પોલીસે મકાન માલિક અને અન્ય શખ્સો સામે પોક્સો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટમાં મધરાતે ધાર્મિક દબાણો દૂર કરાતા લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો

રાજકોટ,તા.૧૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૪ મેની મધરાતે ટ્રાફિકને નડતરરૂપ ૧૨ જેટલા ધાર્મિક દબાણો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત મવડી ચોક સ્થિત કેસરિયા હનુમાન મંદિરને હટાવવાની કામગીરી દરમિયાન સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.



મોટી સંખ્યામાં એકત્ર થયેલા લોકોએ રસ્તા પર બેસી રામધૂન બોલાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભક્તોની દલીલ હતી કે આ મંદિર વર્ષો જૂનું છે અને લોકોની આસ્થાનું કેન્દ્ર છે. ઘર્ષણ વધતા અંતે મંદિર સંચાલકોએ ૪૮ કલાકમાં સ્વેચ્છાએ દબાણ હટાવવાની ખાતરી આપી હતી, જેના પગલે માત્ર ઓટલા અને બહારના ભાગો તોડી કાર્યવાહી અટકાવવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત રહ્યો હતો.

## માંડલના શેર-રખિયાણા સીમમાં માટીની ભેખડ ધસી પડતા બેના મોત

અમદાવાદ,તા.૧૫

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં આવેલા શેર-રખિયાણા ગામની સીમમાં આજે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. ગામના બે આશાસ્પદ યુવાનો અલ્પેશભાઈ ઠાકોર અને સાહિલભાઈ ઠાકોર ટ્રેક્ટર લઈને સ્થાનિક વોંકળામાં રેતી ભરવા માટે ગયા હતા. રેતી ભરવાની કામગીરી દરમિયાન ઉપરથી અચાનક માટીની વિશાળ ભેખડ ધસી પડી હતી. આ અણધારી આફતમાં બંને યુવાનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. માટીનો જથ્થો એટલો મોટો હતો કે તેઓને બહાર નીકળવાની તક જ મળી નહોતી. ગંભીર ઈજાઓ થવાને કારણે બંને મિત્રોએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. આ કરૂણ બનાવને પગલે સમગ્ર શેર-રખિયાણા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સ્થાનિક પરિવારોમાં ભારે આક્રંદ જોવા મળી રહ્યો છે.

## સુરતમાં વધુ એક હત્યા : ૭ દિવસમાં ૬ હત્યાથી કાયદો વ્યવસ્થા કથળ્યા

સુરત,તા.૧૫

સુરતના લિંબાયત વિસ્તારમાં આર્થિક લેતીદેતીના વિવાદમાં ૨૫ વર્ષીય આસિફ પઠાણની જાહેરમાં ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. ફેબ્રિકેશનનું કામ કરતા આસિફને તેના જ વતનના ૪ થી ૫ પરિચિતોએ નીલગીરી સર્કલ પાસે આંતરીને હુમલો




કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં આસિફનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ચિંતાજનક બાબત એ છે કે સુરતમાં છેલ્લા ૭ દિવસમાં જ હત્યાની આ ૬ઠ્ઠી ઘટના છે. અગાઉ પૌત્ર દ્વારા દાદીની હત્યા, લિવ-ઈન પાર્ટનરની હત્યા અને નજીવી બાબતે થયેલા ઝઘડાઓમાં લોહિયાળ ખેલ ખેલાયા છે. લિંબાયત પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે, પરંતુ ટૂંકા ગાળામાં વધતી હિંસાને કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

## કલોલની મફતલાલ ઈન્ડસ્ટ્રીઝમાં ઝેરી ગેસના કારણે ત્રણ શ્રમિકોના મોત

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ સ્થિત સઈજ GIDCમાં આવેલી મફતલાલ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝમાં ૧૪ મેની રાત્રિએ એક અત્યંત હૃદયદ્રાવક ઘટના આકાર પામી હતી. કંપનીના ઈટીપી (ETP) પ્લાન્ટની અંડરગ્રાઉન્ડ ટાંકી સાફ કરવા ઉતરેલા ત્રણ પરપ્રાંતીય શ્રમિકોના ઝેરી



ગેસની ગૂંગળામણને કારણે કરુણ મોત નિપજ્યાં છે. આ શ્રમિકો જ્યારે ટાંકીમાં જમા થયેલો કચરો અને કાદવ દૂર કરવા માટે ઉતર્યા, ત્યારે ત્યાં ફેલાયેલા જીવલેણ વાયુએ તેમને લપેટમાં લીધા હતા. પ્રાથમિક અહેવાલ મુજબ, અમિત પરીહાર અને અમરકુમાર શ્રીવાસ્તવ જેવા શ્રમિકો સીડીના સહારે ટાંકીમાં ઉતરતાની સાથે જ બેભાન થઈને કાદવમાં ફસાઈ ગયા હતા. અન્ય એક શ્રમિક પણ આ દુર્ઘટનાનો ભોગ બન્યો હતો, જ્યારે ચોથા શ્રમિકની હાલત હાલ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

## અમદાવાદના વટવા જીઆઈડીસીમાં ચાલુ ટ્રકમાંથી દારૂનો જથ્થો રસ્તા પર પડ્યો

અમદાવાદ,તા.૧૫

અમદાવાદના વટવા જીઆઈડીસી વિસ્તારમાં દારૂબંધીના કાયદાનો છેદ ઉડાડતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જશોદાનગરથી હાથીજણ રોડ પર પસાર થતી એક ટ્રકમાંથી દારૂનો જથ્થો રસ્તા પર પડી જતાં દારૂની રેલમછેલ જોવા મળી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.



ઘટનાની જાણ થતાં જ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ટ્રક જપ્ત કરી છે અને બે આરોપીઓની ધરપકડ કરી છે. જાહેર રસ્તા પર દારૂ પાણીની જેમ વહેતો જોવા મળતા સ્થાનિકોમાં ચર્ચા જાગી છે કે રાજ્યમાં દારૂબંધીના કાયદાનો અમલ માત્ર કાગળ પર જ સીમિત રહી ગયો છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસીય ગુજરાત પ્રવાસે

અમદાવાદ,તા.૧૫

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ આગામી ૧૬ અને ૧૭ મેના રોજ ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ તેમના સંસદીય મતવિસ્તાર ગાંધીનગર અને અમદાવાદમાં જનતાને વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની ભેટ આપશે.



પ્રવાસના પ્રથમ દિવસે તેઓ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરશે. ખાસ કરીને ‘રમશે બાળક ખીલશે બાળક’ અભિયાન હેઠળ તેઓ બાળકો અને વાલીઓ સાથે સીધો સંવાદ કરી પ્રોત્સાહન પૂરું પાડશે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે સંગઠનને મજબૂત કરવા માટે નવા ચૂંટાયેલા કાઉન્સિલરો સાથે શુભેચ્છા મુલાકાત પણ યોજાશે.૧૭ મેના રોજ ગૃહમંત્રીના હસ્તે અમદાવાદના ત્રાગડ ખાતે ‘મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક’નું લોકાર્પણ કરવામાં આવશે, જે આઈટી ક્ષેત્રે રોજગારી માટે મહત્વનું સાબિત થશે. ત્યારબાદ, દશેલા ખાતે મધુર ડેરીના અદ્યતન પ્લાન્ટનું ઉદ્ઘાટન થશે, જેની ક્ષમતા દૈનિક ૫ લાખ લિટરની છે. આ ઉપરાંત, એનઆઈડી (NID) ખાતે ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન સેન્ટર અને ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ જનહિતલક્ષી પ્રોજેક્ટ્સનું પણ લોકાર્પણ કરવામાં આવશે.










